R.N.I. No. 14593/1957

# પગદંડી

PAGDANDI

VOL.67 ISSUE NO. 04 - JULY 2024 - 56 PAGES - RS. 15/-



Shree Kutchi Visha Oswal Seva Samaj
C.V.O.D., Jain Mahajanwadi, 3rd Floor, 99-101, Keshavji Naik Road, Chinchbunder, MUMBAI - 400 009.
Phone : 23714674 / 2377 3032 - E-mail : pagdandi@kvoss.org




WE NAVIGATE
YOUR FINANCIAL ADVENTURE
& ENSURE YOU
A SMOOTH JOURNEY OF LIFE
FROM WHERE YOU ARE
TO WHERE YOU WANT TO BE

## A COMPLETE TOUR OF THE FINANCIAL WORLD

We are truly a one stop-shop for all your
Investment & Insurance and other allied services:

- Mutual Fund Distributors
- Company FD, NCD, Bond, RBI Bond, Capital Gain Bond, Perpetual Bond
- P2P Loans
- Sovereign Gold Bond
- Will Writing and Estate and Succession Planning
- Life Insurance (Through business associates of LIC of India, HDFC Life, Birla Sun Life Insurance)

We are your Map for Financial Freedom

GADA & HARIA™
PRIVATE LIMITED
With you, For you, Always...

Registered Office:
Gada & Haria Pvt Ltd
(formerly known as Gada & Haria Financial Planners Pvt Ltd)
5, Framroz Court, 2nd floor, Dada Saheb Phalke Road,
Dadar (CR), Mumbai-400014.
Tel: 40794141

| CA, CFP Rajesh Gada | CA Vipul Bheda | Vikas Vira |
|---|---|---|
| Village : Bada | Village : Samaghoga | Village : Nagalpur |
| 98676 23250 | 98202 22750 | 98205 20268 |
| rajesh@gadaharia.com | vipul@gadaharia.com | vikas@gadaharia.com |

સમાજના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત

# શ્રી કચ્છી વિશા ઓસવાળ સેવા સમાજ

શ્રી ક.વિ.ઓ.દેરાવાસી જૈન મહાજનવાડી, ત્રીજે માળે, ૯૯-૧૦૧, કેશવજી નાયક રોડ ચીંચબંદર, મુંબઈ - ૪૦૦૦૦૯

૨૩૭૧૪૬૭૪, ૨૩૭૭૩૦૩૨, ૨૩૭૧૫૦૫૦, ૨૩૭૧૫૧૫૧, ૪૦૧૬૪૩૪૩ / + Email : ksevasamaj@gmail.com + Webssite : www.kvoss.org

## શ્રી ક.વિ.ઓ. સેવા સમાજનું માસિક મુખપત્ર

## પગદંડી

- છેલ્લા સાત દાયકાથી ક.વિ.ઓ.સમાજને નવા વિચારબીજ આપનાર
- ક.વિ.ઓ. સમાજની સાંસ્કૃતિક ધરોહરને જાળવવા સદા પ્રયત્નશીલ
- ક.વિ.ઓ. સમાજની જાગૃતિના પ્રતિક સમાન

હવે પગદંડીનું લવાજમ ભરવું એકદમ સરળ. નીચે આપેલ કયુઆર કોડને સ્કેન કરો અથવા લિન્ક પર કિલક કરી આપની વિગત ભરો.

cutt.ly/pagdandi

**પગદંડીનું દસ વર્ષનું લવાજમ માત્ર રૂા.૧૦૦૦/-**

પંચવાર્ષિક લવાજમ રૂા.૬૦૦/-

પગદંડી કાર્યાલય ખાતે સેવા સમાજનાં સરનામે સ્વીકારાશે.

આપનું એડ્રેસ બદલાયું તો આપના પગદંડી મેમ્બરશીપ નંબર સાથે જૂના અને નવા એડ્રેસની વિગત pagdandi@kvoss.org પર મોકલવા વિનંતી જેથી પગદંડીના અંક, આપને વિના વિક્ષેપ મળતા રહે.

લિ. પગદંડી તંત્રીઓ /ક.વિ.ઓ.સેવા સમાજ પરિવાર

NEEL PARI - 9322209742

# પગદંડી

જુલાઈ ૨૦૨૪

## અનુક્રમણિકા



| લેખ | લેખક | પાના નં |
|---|---|---|
| તંત્રીસ્થાનેથી | | |
| શૂટ એટ સાઈટ................................ | સંજય ચંદન વિસનજી છેડા.......... | ૫ |
| પ્રમુખશ્રીની કલમે ..................................... | ડૉ. ચંદ્રકાંત નાનજી લાલન.......... | ૧૧ |
| પગ મેં ભમરી.......................................... 'ઈશ્વરનો આભાસ' | લીલાધર માણેક ગડા ................. | ૧૫ |
| વૉશ બેસીનથી થોડેક છેટે........................... | ડૉ. ગુલાબ દેઢિયા ..................... | ૧૯ |
| કવિ 'તેજ' ની જીવનકથા............................. | વસંત મારુ ............................. | ૨૧ |
| આપણો ઈતિહાસ અને આપણે..................... | ડૉ. જિતેન્દ્ર એન. શાહ................ | ૨૭ |
| ઉંમર તો એક આંકડો છે............................. | રાજેશ સાવલા.......................... | ૩૧ |
| 'મોટાઓની નાની વાતો'............................ | જયંત ગણશી જાગાણી ............ | ૩૨ |
| આજનો યુવા અને સેવા સમાજ..................... | ગીતા સતરા............................. | ૩૪ |
| સાહિત્ય અમૃત ......................................... | આલેખન : ચંદ્રકાન્ત નંદુ ............ | ૩૫ |
| પ્રતિભાવ - પ્રતિસાદ ................................ | | |
| 'પગદંડી' જૂન ૨૦૨૪...................... | જયંત ગણશી જાગાણી................ | ૩૯ |
| 'પગદંડી' અંક જૂન ૨૦૨૪ મને શું ગમ્યું | જયંતિ વાલજી ગોગરી................ | ૪૦ |
| ચક્ષુદાન, અવયવદાન................................. | CA કલ્યાણજી જે. શાહ................ | ૪૧ |
| ઉર્મિલહર.................................................. | સંપાદન : વિશન નાગડા............. | ૪૩ |
| શ્રી ક.વી.ઓ. સેવા સમાજ અપડેટ................ | ............................................. | ૪૮ |
| સાંત્વન.................................................... | ............................................. | ૫૨ |
| મુખપૃષ્ઠ ચિત્ર અને માહિતી......................... | કિરણ વિસરિયા........................ | ૧૪ |



**પગદંડી કાર્યાલાય ફોન - ૨૩૭૧ ૪૬૭૪ ટેલી ફેક્સ - ૨૩૭૭ ૩૦૩૨**



Printed and Published by **Aswin Popatlal Malde** on behalf of **K.V.O. Seva Samaj.** Printed at **Meghart Colour Crafters**, 42, Ideal Indl. Estate Mathuradas Mill Compound, Senapati Bapat Marg, Lower Parel, Mumbai-400013. and published from Shri Kutchhi Visa Oswal Seva Samaj, C.V.O.D. Jain Mahajanwadi, 3rd Floor, 99/101, Keshavji Naik Road, Chinch Bunder, Mumbai -400009. Editor : **Aswin Popatlal Malde**


Gala Caterers®
FINEST IN FOOD INDUSTRY
SINCE 1977
GALA CATERERS
From the Heart of Mumbai to the
Vibrant Landscapes of Kutch !
Crafting Moments, Creating Memories
ELEVATE YOUR EVENT WITH
EXQUISITE FLAVOURS & IMPECCABLE SERVICE
GRAND WEDDINGS
ANNIVERSARY PARTIES
BUFFET CATERING
EVENT CATERING
CORPORATE CATERING
DINNER PARTIES
CONTACT US
ATUL GALA | 93 2222 1205 . RAJESH GALA | 98200 32010/50
ROHIT GALA | 98200 99251 . CHIRAG GALA | 97 0202 9280



# તંત્રીસ્થાનેથી

## શૂટ એટ સાઈટ

૧૮ જૂન, મંગળવારની વહેલી સવાર, તંત્રીલેખ લખવા બેઠો હતો અને મોબાઈલ પર એક મૅસેજ ઝળક્યો. થોડી વારમાં અમુક ગ્રુપ પર વિડિયો પણ આવી ગયો.

વહેલી સવારે એક યુવકે એક યુવતીની વસઇના મેન રોડ પર સ્પેનર (ફૅક્ટરી/ગૅરેજમાં વપરાતા મોટા પાના)થી હત્યા કરી નાખી, યુવતી મૃત્યુ ના પામી ત્યાં સુધી એ નરાધમે અઢાર જેટલા ઘા ઝીંકી દીધા. વસઈનો આટલી વસ્તીવાળો મેન રોડ, આટઆટલા લોકોની અવરજવર અને છતાં એ નરાધમની આટલી હિંમત અને આવી દુર્ઘટનાનો વિડિયો જોતજોતામાં ફેસબુક અને વૉટ્સએપ પર વાયરલ.

આજે આપણી ચર્ચાનો વિષય એ નથી...
કે એ યુવક-યુવતી વચ્ચે શું ખટરાગ હતો?
કે એ યુવકે આવું શા માટે કર્યું?

જે વાત આપણને સૌને ખટકી રહી છે, કોરી ખાઈ રહી છે એ છે આસપાસના લોકોની માનસિકતા. બે-ત્રણ દિવસ સુધી એ વાત પર વિચારતો રહ્યો, કે શું હશે એ લોકોની માનસિકતા જે આવી મુસીબતમાં કોઈ પીડિતની મદદ કરવાને બદલે ખિસ્સામાંથી મોબાઈલ કાઢી એ વિડિયો શૂટ કરી પોતાના વૉટ્સએપ અને ફેસબુકમાં પોસ્ટ કરે છે.

અવારનવાર આવી ઘટનાઓ થતી રહે છે અને લોકો બસ એક કામ કરે છે, **''શૂટ એટ સાઈટ''**.

સપ્ટેમ્બર ૨૦૧૭ - એલફિસ્ટન બ્રિજ પરની દુર્ઘટના – ૨૩ જણાનાં કરુણ મોત - અને આસપાસના લોકોએ શું કર્યું - **''શૂટ એટ સાઈટ''**.

જૂન ૨૦૧૮ - એક ચૌદ વર્ષની સ્કૂલની બાળકી હર્ષિકા માયવંશીએ એક બિલ્ડિંગના આઠમા માળેથી છલાંગ લગાવી અને એ ઘટના નિહાળી રહેલા લોકોએ શું કર્યું - **''શૂટ એટ સાઈટ''**.

ડિસેમ્બર ૨૦૨૨ - વન અવિઘ્ન પાર્કમાં આગ લાગી, કોઈને બચાવવા જનારો ગાર્ડ પોતે આગમાં ફસાયો અને બચવાના પ્રયત્નો કરતાં કરતાં ૧૯મા માળેથી નીચે પટકાયો અને ત્યાં હાજર લોકોએ શું કર્યું - **''શૂટ એટ સાઈટ''.**

જૂન ૨૦૨૩ - એક માનસિક રીતે અસ્વસ્થ વ્યક્તિએ છરો લઈ એની આસપાસ રહેતા ત્રણ જણને મોતને ઘાટ ઉતાર્યા. ધોળે દિવસે જ્યારે ઘટના થઈ ત્યારે લોકોએ શું કર્યું - **''શૂટ એટ સાઈટ''.**

જૂન ૨૦૨૪ - વસઈ રોડની વહેલી સવારે એક નરાધમે ભરચક વસ્તીની વચ્ચે એક સ્પાનરથી એક યુવતીને અઢાર ઘા ઝીંકીને કરપીણ હત્યા કરી અને ત્યાં ભેગા થેયલા લોકોએ શું કર્યું - **''શુટ એટ સાઈટ''.**

ગમે તે દુર્ઘટના હોય, ગમે તેટલી મોટી સંખ્યામાં પીડિત લોકો હોય, પણ એનાથી વધારે સંખ્યામાં આવી દુર્ઘટનાને પોતાના મોબાઈલમાં મઢીને પોતાના વૉટ્સઍપ ગ્રુપ કે ફેસબુક કે ઇન્સ્ટા પર મૂકવાવાળા હશે અને વળી આવા વિડિયોને લાઈક કરનારા કે અન્ય ગ્રુપમાં ફૉરવર્ડ કરનારા માનસિક અસ્વસ્થ લોકોની જમાત પણ ઓછી નથી.

ઘણા મિત્રો સાથે આ વિષય પર અવારનવાર વાત થતી રહે છે. બધાને આક્રોશ છે, લોકોની આ માનસિકતા પર. ઘણા લોકો સાથે ચર્ચા કરી  છે આ માનસિકતા વિષે. થોડુંક ગૂગલ પણ કર્યું કે હ્યુમન સાયકોલૉજી આના વિષે શું કહે છે.

સાયકોલૉજીના તારણ વધુ ચોંકાવનારાં હતાં. એક મોટું તારણ આવ્યું 'બાયસ્ટેન્ડર ઇફેક્ટ' - બાયસ્ટેન્ડર ઈફેક્ટ એટલે કે આવી દુર્ઘટનામાં જેટલા વધુ લોકો હાજર, મદદ કરવાની લોકોની ઈચ્છા એટલી ઓછી, બધાને એમ કે કોઈક (?) તો મદદ કરશે. કેવી વિચિત્ર વાત છે. જેટલા વધુ લોકો હાજર, પીડિતને મદદ મળવાની આશા એટલી જ ઓછી. અને વળી ઉપરથી દાઝ્યા પર ડામ જેવી આ **''શૂટ એટ સાઈટ''**ની માનસિકતા.

ઘણા વધુ જ્ઞાની (દોઢ ...) એ એવી દલીલ પણ કરી કે આમ વિડિયો કાઢ્યો હોય તો આવા ગુનેગારને ભવિષ્યમાં સજા કરવામાં આસાની રહેશે. કેવી વાહિયાત દલીલ. મારા ભાઈ, તું મદદ કરવાનો પ્રયત્ન કરીને એ ગુનો અટકાવી શકે છે, કોઈનો જીવ બચાવી શકે છે, એના બદલે તું એ ગુનો થવા દે અને પછી આવો પાંગળો બચાવ કરે કે, ''પીડિતની હત્યાના આ કેસમાં આવા વિડિયો કામ આવશે.'' અરે ભાઈ, તે મદદ કરી હોત તો કોઈ પીડિતનો જીવ બચી જાત અને કોર્ટમાં કોઈ હત્યાનો કેસ જ ન થાત, જેમાં આવા **''શૂટ એટ સાઈટ''**ના વિડિયો કામ આવી શકે.

વળી ઘણા લોકો આના માટે ટૅકનોલૉજી કે સોશિયલ મીડિયાને દોષ આપેજે જે તદ્દન ખોટું છે. ટૅકનોલૉજી તો શસ્ત્ર છે, શાસ્ત્ર છે. એનો સદુપયોગ કે દુરુપયોગ એ આ કાળા માથાળા માનવીના મન કે મગજની ઉપજ છે. માણસના માનસની આ વિકૃતિના દોષનો ટોપલો ટૅકનોલૉજી પર ઠાલવવો તદ્દન ગેરવાજબી છે.

અને આવી દુર્ઘટનાના વિડિયો લોકો જ્યારે સોશિયલ મીડિયામાં વાયરલ કરે છે. એમને કદાચ સ્વપ્ને પણ ખ્યાલ નથી હોતો કે આવા વિડિયો કોઈ કુમળી વયના બાળકના હાથમાં પણ આવી શકે છે. બાળક તો છોડો, કોઈ લાગણીશીલ કે અતિ સંવેદનશીલ વ્યક્તિ પણ આવા હિંસક કે ખુનામરકીના વિડિયો જુએ તો એમના માનસ પર એની અવળી અસર જ પડવાની. (જો કોઈ પાસે આવા વિડિયો ફૉરવર્ડ કરવાની સકારાત્મક બાજુ હોય, આવા વિડિયોના ફાયદા હોય તો જણાવજો) (આવા વિડિયોથી લાઈક્સ મળશે કે ફોલોવર વધશે, એ માન્યતા તો નરી મૂર્ખામી છે.)

**હવે ''શૂટ એટ સાઈટ'' વિરુદ્ધની આપણી દલીલો**

❁ એલફિસ્ટન બ્રિજ પર જ્યારે ૨૫-૫૦ લોકો રુંધાઈને તરફડિયા મારી રહ્યા હતા, ત્યારે તે કોઈને જાતે મદદ ના કરી, કોઈ સહાય કરી રહ્યું હતું એમને પણ મદદ ના કરી. ઉપરથી તેં ત્યાં હાથમાં મોબાઈલ લઈને **''શૂટ એટ સાઈટ''**ના ચક્કરમાં હૉસ્પિટલ કે ફાયર બ્રિગેડના કામમાં પણ અડચણો ઊભી કરી. આવા લોકો પર સરકારે સખતથી સખત કલમ હેઠળ કાર્યવાહી કરવી જ રહી. (ફોટો કે વિડિયો પરથી ફોન કે કૅમેરાનો પત્તો લગાડવો બહુ આસાન છે.)

❁ ૧૪ વર્ષની બાળકી જ્યારે આઠમા માળેથી છલાંગ લગાવવા આગળ વધી રહી હતી, ત્યારે **''શૂટ એટ સાઈટ''** કરવાને બદલે બૂમાબૂમ કરી અન્ય લોકોને ભેગા કરી શક્ત. કોઈ ચાદર કે ઓઢણી કંઈ નહીં તો પોતાના હાથ ફેલાવી, ત્યાં નીચે જમા થયેલી એ ભીડ એ બાળકીનો જીવ બચાવવાનો પ્રયત્ન તો કરી શકી હોત. (શું માનો છો, એ બાળકીના પરિવારને હવે માનવતા પર રતીભાર પણ વિશ્વાસ રહ્યો હશે.)

❁ વન અવિઘ્ન પાર્કની એ આગમાં કોઈને બચાવવા નીચેથી ઓગણીસમા માળે જનાર એ સિક્યુરિટી ગાર્ડને ખબર હોત કે એ પોતે જ્યારે આવી મુશ્કેલીમાં ફસાઈને ઓગણીસમા માળાની ગૅલેરીમાં લટકતો હશે અને ત્યારે લોકો એને બચાવવા કોઈ પગલાં લેવાને બદલે આમ **''શૂટ એટ સાઈટ''** કરશે તો એ સિક્યુરિટી ગાર્ડ પણ આવું જોખમ ના

લેત. (એ તો હવે હયાત નથી, પણ જે બીજા ગાર્ડ્સ આ વિડિઓ જોયો હશે, એ શું આવી મુશ્કેલીમાં પોતાનો જીવ જોખમમાં મૂકતાં પહેલાં બીજી વાર નહીં વિચારે.)

- ગ્રાન્ટ રોડની એ ઇમારતમાં એક માનસિક અસ્વસ્થ વ્યક્તિ છરાથી અન્યોને ઇજા પહોંચાડી રહ્યો હતો, ત્યારે બૂમાબૂમ કરીને કે કોઈ પથરો (આવી મુશ્કેલીમાં પણ જેનો દુરુપયોગ જ થયો, એવો મોબાઈલ પણ કોઈ પથરા સમાન જ છે ને) ફેંકીને એ વ્યક્તિને થોડીક ક્ષણો માટે પણ અટકાવી શકાયો હોત કે એનું ધ્યાન બીજે દોરવાયું હોત તો પરિસ્થિતિ કાંઈક જુદી જ હોત.

**આ બધું રોકવા આપણે શું કરી શકીએ**

- આખો દિવસ તો એક સ્ક્રીનથી બીજા સ્ક્રીન પર આપણે આપણી જાતને ટાંગતા રહીએ છીએ, પણ આવી કાઈ દુર્ઘટનામાં ખિસ્સામાં હાથ નાખીને મોબાઈલ કાઢવાને બદલે મદદ કરવા દોડો. મદદ ના કરી શકો, તો અન્ય કોઈ જે મદદ કરવા માંગે છે, એમને સહાય કરો.

- એ પણ ના થઈ શકે તો અન્યોને મદદ માટે બૂમો પાડો અને જો એ પણ ના થઈ શકે, ત્યાંથી દૂર હટી જાવ અને હૉસ્પિટલ, ફાયર બ્રિગેડ, અન્ય સેવા સંસ્થાના કાર્યકરો માટે રસ્તો મોકળો કરો.


- આવી કોઈ પણ દુર્ઘટનાના સમયે આવી **''શૂટ એટ સાઈટ''** નામની માનવતાને કોરી ખાનારી ઊધઈને દૂર કરો. આવા વિડિયો ફેસબુક, ઇન્સ્ટા કે વૉટ્સઍપ પર મૂકનારાને ઠપકારો. એમને આવા વિડિયો ડિલીટ કરવા, રિકૉલ કરવા સમજાવો અને જો એ લોકો આ ના માને કે ના સુધરે, તો એમને અનફ્રેન્ડ કરી, અનફોલો કરી કે ગ્રુપમાંથી કાઢી એમની માનસિકતાનો સડો વધુ ના ફેલાય એની તકેદારી લો.

- આવી ઘટનાઓ એ હ્યુમન સાયકોલૉજી વિષે વધુ ગૂગલ કરતાં વધુ એક તારણ મળ્યું કે આપણે સૌ આવા વિડિયો એટલા ફૉરવર્ડ કરીએ છીએ, લાઈક કરીએ છીએ, ડીસલાઈક નથી કરતાં અને તેથી આવા માનસિક રોગીઓને, એમની વિકૃતિને વધુ આવેગ મળે છે.

આ બધુ એટલી હદે વકરી ગયું છે કે આવી દુર્ઘટના સમયે મદદ કરવાને બદલે **''શૂટ એટ સાઈટ''** કરવું. જાણે ***સામાજિક રીતે સ્વીકાર્ય થઈ ગયું છે.*** (સાયકોલૉજી પ્રમાણે આવી ઘટનાના વિડિયો એટલી હદે સ્વીકાર્ય થઈ ગયા છે કે હવે લોકોને આવા સમયે મદદ કરવાને બદલે વિડિયો શૂટ કરવામાં કોઈ ગુનાહિત લાગણીનો અનુભવ પણ નથી થતો.)

અને જો સાયકોલૉજીના આ તારણમાં તથ્ય છે તો હું અને તમે પણ ક્યાંક ને ક્યાંક આના માટે જવાબદાર છીએ.

જો આપણે માનીએ છીએ કે આ એક માનસિક વિકૃતિ છે અને સામાજિક રીતે સ્વીકાર્ય નથી, તો ''કર્યું, કરાવ્યું અને અનુમોદયું''ના ધોરણે, આવી કોઈ પણ દુર્ઘટનાના **''શૂટ એટ સાઈટ''**માં પ્રત્યક્ષ કે પરોક્ષ, કોઈ પણ રીતે સહભાગી ના થઈએ, એને અટકાવીએ અને આનું પુનરાવર્તન ના થાય એનું ધ્યાન રાખીએ.



આવી જ ઘટનાઓ સાથે મહદ્અંશે જોડાયેલી એક નાનકડી હકીકત. માર્ચ ૧૯૯૩માં ન્યૂયૉર્ક ટાઈમ્સમાં ''ધ સ્ટ્રગલિંગ ગર્લ '' નામની એક તસવીર પ્રકાશિત થઈ. એક કુપોષણથી પીડાતી છોકરી અને બાજુમાં એ બાળકીને ફાડી ખાવા તૈયાર એક ગીધની કેવિન કાર્ટરની એ તસવીરને ''પુલિટઝર'' પારિતોષિક પણ મળ્યું, પણ એ સાથે જ ફોટોગ્રાફીની નૈતિકતા વિષે પ્રશ્નો ઊઠ્યા. કેવિન કાર્ટરના એ ફોટો વિષે એમ પણ કહેવામાં આવ્યું કે એ સમયે ત્યાં બે ગીધ હાજર હતાં અને એકના ગળામાં કૅમેરો હતો. કેવિન કાર્ટર પર પોતાના આ ફોટો માટે અને એ ફોટો પર લોકોએ ઠાલવેલા રોષની એટલી અસર થઈ કે એ ફોટો પબ્લિશ થયાના માત્ર ચાર મહિનામાં આત્મહત્યા કરી  લીધી.

છેલ્લે આ તંત્રીલેખના અંતમાં બસ એટલું જ કહેવાનું કે ના કરે નારાયણ, પણ આપણે કયાંક આવી કોઈ દુર્ઘટનાઓમાં અટવાઈએ તો **'શૂટ એટ સાઈટ''** ના કરીએ અને ના કોઈને કરવા દઈએ, કારણકે ***''આપણે માણસ છીએ, ગીધ નહીં''***.

**- સંજય ચંદન વિસનજી છેડા**

AMBIKA

# અંબીકા બેગ હાઉસ

: ઉત્પાદક અને વિક્રેતા :

**સર્વ પ્રકારની લેડીઝ બેગ્સ, સ્કૂલ બેગ્સ,**
**મની પર્સીસ અને કોમ્પલીમેન્ટરી આઈટમસ**

૩૨૧, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, ક્રોફર્ડ માર્કેટ પાસે, મુંબઈ–૪૦૦૦૦૩.
ફોન : ઓફિસ : ૨૩૪૩ ૫૪૨૬, ૨૩૪૩ ૮૪૬૪ • ફેક્સ : ૫૬૩૫ ૯૦૪૪

# લકી બેગ હાઉસ

૯૫, મારલેન રોડ, BST ક્વાટર્સ સામે, મુંબઈ - ૪૦૦ ૦૦૮.
ટેલિફોન : ૨૩૦૨ ૧૯૪૨, ૨૩૦૨ ૧૯૪૪
www.luckybaghouse.com

# પ્રમુખશ્રીની કલમે



✲ ડૉ. ચંદ્રકાંત નાનજી લાલન ✲

## વિચારકણિકા

### પર્યાવરણ - જાગૃત થવાની જરૂરિયાત

ગુરુવાર, તા. ૯ મે, ૨૦૨૪ના દિલ્હીમાં દિવસનું મહત્તમ તાપમાન ૫૨.૯ ડિગ્રી નોંધાયું હતું, જે એક રેકોર્ડ બ્રેક ગરમીના પારા તરીકે નોંધાયેલ છે. ગરમીના પારાનો અચાનક ઉછાળ હવામાન ખાતાના વિજ્ઞાનીઓ માટે પણ આશ્ચર્યજનક બાબત છે અને આવતાં વર્ષોમાં આ અગ્નિવર્ષા કયાં જઈ અટકશે ? અને તેનાથી થતી માનવજીવન ઉપરની અસર ચિંતાપ્રેરક છે. આજે શહેરીકરણના લીધે નજીકના ભવિષ્યમાં હિટ ઍક્શન પ્લાન બનાવવાનું જરૂરી બની જવાનું. દિલ્હી જેવી અગ્નિવર્ષા માટે ઈમર્જન્સી એક્શન પ્લાન આપણને તૈયાર કરી લોકોને જાગૃત કરતું શિક્ષણ પણ આપવું ફરજિયાત બની રહેવાનું.

છેલ્લાં બે વરસમાં પૃથ્વીનું તાપમાન વિક્રમી ઝડપે વધી રહેલું જણાય છે. જમીનની સપાટીનું તાપમાન જ્યારે વધી જાય છે ત્યારે જમીનમાંથી ગરમી નીકળવાને કારણે અર્બન હિટ આઈલૅન્ડ ઈફેક્ટ સર્જાય છે અને તેના લીધે તાપમાન તુલનાત્મકરૂપે ૬.૭ ડિગ્રી વધારી દે છે. આ કલાયમેન્ટ (જળવાયુ પરિવર્તન)ની અસરો હવેથી સ્પષ્ટ દેખાવી શરૂ થઈ ગયેલ છે.

પર્યાવરણના આ ચૅન્જને જરાક વૈજ્ઞાનિક ભાષામાં સમજવાનો પ્રયત્ન કરીએ. પૃથ્વી ઉપર વાતાવરણનું નાજુક સંતુલન જાળવી રાખવામાં $Co_2$ એટલે કે કાર્બન ડાયોક્સાઈડ ખૂબ જ મહત્વની ભૂમિકા ભજવે છે. $Co_2$ અને ગ્રીન હાઉસ વાયુઓનું સંતુલન પૃથ્વીની સપાટી અને મહાસાગરો ઘણા યુગોથી કરતા આવેલ છે.

કુદરતનું આ ચક્ર ઘણા યુગોથી એટલે કે મનુષ્યના પૃથ્વી પરના અસ્તિત્વથી પહેલાંથી કાર્યરત હતું. માનવજાતિના શરૂઆતના વર્ષોમાં વાતાવરણમાં $Co_2$ની જરૂરિયાત ખૂબ જ

જરૂરી હતી ત્યારે આ સંતુલન આપણે યજ્ઞો દ્વારા અગ્નિ પ્રગટાવી $CO_2$નું ઉત્પાદન કરી કરતા હતા. ધીરેધીરે વિકાસની હરળફાળમાં અને ખાસ કરીને ઔદ્યૌગિકીકરણની શરૂઆત સાથે આપણે કોલસો, ખનીજ તેલની અમર્યાદિત વપરાશ સાથે $CO_2$ના ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો કરતા આવેલ છીએ અને હાલમાં દર વર્ષે આપણે ૩૫ થી ૪૦ બિલિયન ટન $CO_2$નું વાતાવરણમાં યોગદાન આપી રહેલ છીએ.

આ ખૂબ જ વધારાના $CO_2$ના પ્રમાણને અવશોષિત કરવાની પૃથ્વીની ક્ષમતા નથી અને કુદરતી સંતુલન જાળવવાની પ્રક્રિયા ખોરવાઈ જાય છે.

વધારાના $CO_2$નું ઉત્પાદન ગ્રીન હાઉસ અસરનું કારણ બની જાય છે. વાતાવરણમાં રહેલ આ $CO_2$ એટલે કે કાર્બન પૃથ્વી ઉપર આવતાં સૂર્યકિરણો Reflectની અસર દ્વારા પૃથ્વી ઉપર પાછા મોકલાવે છે અને એના લીધે હિટ વેવની અસરના આપણે ભોગ બનીએ છીએ.

આજકાલ હિટ વેવની અસરને ભવિષ્યમાં ઘટાડવા માટે વૃક્ષારોપણની ચર્ચા જોરશોરમાં દેખાય છે. એક વૃક્ષ સામાન્ય રીતે તેના જીવનકાળમાં ૧ થી ૨ ટન જેટલા $CO_2$નું ગ્રહણ કરી જેમ તેનામાં રહેલ કાર્બન ક્લોરીફિલની મદદથી સૂર્યપ્રકાશની હાજરીમાં ખોરાકમાં રૂપાંતર કરી ઑક્સિજનને વાતાવરણમાં ભેળવી દઈ ખૂબ જ મહત્ત્વની ભૂમિકા અદા કરેલ છે, પણ આપણે આપણી રોજિંદી દિનચર્યામાં ઉર્જાની પ્રચંડ વપરાશ કરી લગભગ વાર્ષિક ૩૫ થી ૪૦ બિલિયન ટન $CO_2$ને વાતાવરણમાં ધકેલીએ છીએ. તો એના હિસાબે દર વર્ષ કેટલા કરોડો વૃક્ષોનું વાવેતર કરવું પડશે એ વિચારવાની વાત છે. આ વધારાના $CO_2$નું વાતાવરણમાંથી અવશોષિત કરવાનું કાર્ય પૃથ્વીની સપાટી અને મહાસાગરો માટે અશક્ય બનતું જાય છે અને વાતાવરણમાં વધી રહેલ કાર્બન પૃથ્વી ઉપર તાપમાનમાં વધારો કરતો જોવા મળે છે.

ઍરકન્ડિશનર જેવા સામાન્ય ઉપકરણ દ્વારા $CO_2$ના ઉત્સર્જન ઉપર એક નજર નાખીએ. ૧ ટનનું ઍરકન્ડિશનર ઉપકરણ જો દિવસના ફક્ત ૮ કલાક માટે ચાલે તો વાર્ષિક ૨(બે) ટન જેટલા $CO_2$નું ઉત્પાદન કરી હવામાં તેનો વધારો કરે છે. એટલે કે ૧ ટનના એક એસી. ઉપકરણ દ્વારા થતા $CO_2$ને વાતાવરણમાંથી ઓછો કરવા દર વર્ષ ૧ વૃક્ષનું વાવેતર (૧૦-૧૫ વર્ષની માવજત અલગ) જરૂરી બની જાય છે.

પર્યાવરણની પડકારતી $Co_2$ની સમસ્યાના નિરાકરણ ઉપર આપણે આપણું લક્ષ કેન્દ્રિત કરી સમયસર $Co_2$ના ઉત્પાદનમાં ઘટાડો કરવો પડશે. અન્યથા તેની ગંભીર અસરો માટે આપણાને તૈયાર રહેવું પડશે. વૃક્ષોનું વાવેતર વધરાવાની સાથે $Co_2$ના ઉત્પાદનમાં નોંધપાત્ર ઘટાડો કેમ કરી શકીએ એ ઉપર ધ્યાન આપવું જ પડશે. ૧૯૯૭થી આ દિશામાં જાગૃત પર્યાવરણીય વૈજ્ઞાનિકો કાર્બન ક્રેડિટ ઉપર કામ કરતા થઈ ગયેલ છે. વ્યક્તિગત પ્રયાસથી આ શક્ય બની શકશે.

દરેક ઔદ્યૌગિક સંકુલ તરફથી કાર્બનનું ઉત્પાદન ઓછું કરવા સઘન પ્રયાસ અને કાર્બન ક્રેડિટ તરફ લક્ષ અનિર્વાય બની ગયેલ છે.

વ્યક્તિગત સ્તરે તેમ જ સમૂહ રીતે સામાજિક સ્તરે અને સરકારના સંયુક્ત પ્રયાસથી આપણે આમાં સકારાત્મક પરિણામ લાવી શકીશું એવા વિશ્વાસ સાથે.

**મો. : ૯૩૨૨૯ ૫૫૮૮૦**

---


# મુલચંદ લાલજી એન્ડ કું.

# MULCHAND LALJI & CO.

*Importers & Wholesale Dealers in:*

**One Side Coated Paper, Wet Strength Paper, Mettalized Paper, Glassine Paper, CCK Paper**

**Admn. Office** : 229/231, Perin Nariman (Bazar Gate) Street, 1st Flr., Fort, Mumbai - 400 001.

**Phone:** (+91-22) 2261 7273 • 2261 7878 • 2261 7299 • **Fax:** 2261 1207

**Email :** info@mulchandlalji.co • **Mobile :** +91 98201 27299

**Shop & Reg. Office :** 202/203, Bora Bazar Street, Near Jain Temple, Fort, Mumbai - 400 001.

# INCREDIBLE INDIA
# એક ગૌરવવંતું હિંદુ સામ્રાજ્ય
# વિજયનગર સામ્રાજ્ય, હમ્પી



ગયા જૂન અંકમાં હમ્પીના વિઠ્ઠલ મંદિરના રથની માહિતી પછી આ વખતે એ જ પરિસરમાં બરાબર સામે એક મહામંડપમ્ આવેલું છે જેનું નિર્માણ વિજયનગર સામ્રાજ્યના સૌથી શક્તિશાળી, ધર્મપ્રેમી, કલાપ્રેમી અને લોકપ્રિય રાજા કૃષ્ણદેવરાયા દ્વારા ૧૫૧૬માં કરાયું. કૃષ્ણદેવરાયાના પત્ની ચિન્નાદેવી એક વિખ્યાત નૃત્યાંગિની હતાં. તેમની સાથે પ્રેમ થઈ જતાં લગ્ન કર્યાં. ચિન્નાદેવીનું નૃત્ય નિહાળવા ખાસ આ ભવ્ય અને અલૌકિક મંડપમ્ બનાવવામાં આવ્યો જેમાં ૫૬(છપ્પન) મ્યુઝિકલ પિલર્સ (થાંભલાઓ)ની રચના કરવામાં આવી જેને સપ્તસ્વરા તરીકે ઓળખવામાં આવે છે. કહેવાય છે કે જ્યારે ચિન્નાદેવી અહીં નૃત્ય કરતાં ત્યારે ૫૬ કુશળ વાજિંત્રવાદકો આ અલગ અલગ ૫૬ પિલર પાસે ઊભા રહી પોતાના હાથમાં ચંદનના લાકડાના ટુકડાથી થાંભલામાંના નાના પિલરો પર વગાડીને મધુર સંગીત રેલાવતા જેનો ધ્વની એ જમાનામાં એકાદ કિલોમીટર દૂર સુધી સંભળાતો. આ મંડપમ્ આ એવી રીતે કોતરકામ કરી જગ્યા રાખવામાં આવી છે કે જ્યારે નૃત્યનો કાર્યક્રમ હોય ત્યારે ચારેબાજુથી કાપડના પડદા સરળતાથી બાંધી શકાય જેથી બહારથી કોઈ જોઈ ના શકે. અહીં જે મ્યુઝિકલ પિલરો છે એ સંગીતના સાત સુરો સા રે ગ મ પ.... ઉપર આધારિત છે અને એ થાંભલાઓમાંથી ૮૧ (એક્યાંસી) વાજિંત્રોના ધ્વનિ નીકળતા જે આજ સુધી એમાં એવી કઈ ટેક્નોલૉજીનો ઉપયોગ થયો એ એક રહસ્ય છે. એક અંગ્રેજી અફસરે આમાંનો એક પિલર તોડીને એ જાણવાની કોશિશ કરી કે પિલર કદાચ પોકળ હોય ને અંદર કોઈ યંત્ર મૂકવામાં આવ્યું હોય, પણ એને નિષ્ફળતા મળી, કારણ એ સખત પથ્થર જ હતો. ખરેખર વિચાર આવે કે ભારત સદીઓ પહેલાં પણ સાયન્સ અને ટેક્નોલૉજીમાં કેટલો આગળ હતો.

બાજુમાં આવેલ કલ્યાણ મંડપમ્માં પણ થાંભલાઓ પર અદ્ભુત નકશીકામ દ્વારા ઐતિહાસિક પ્રસંગો કંડારવામાં આવ્યા છે, જેમાં રામાયણ, ભક્ત પ્રહ્લાદ, રતિ કામદેવ, વિષ્ણુ દસ અવતાર, નરસિંહ હિરણ્યકશ્યપ વધ વગેરે શિલ્પ કૌશલ્યના ઉત્કૃષ્ટ ઉદાહરણ કહી શકાય. આ મંડપમ્માં દર વર્ષે વિઠ્ઠલ-રૂખમણીનો લગ્ન મહોત્સવ ભારે ધામધૂમથી ઊજવાતો. ડાબી બાજુએ પ્રસાદમાં મંડપમ્ અને જમણી બાજુએ ભજન મંડપમ્ આવેલ છે જ્યાં એ સમયે વિઠ્ઠલના પરમ ભક્ત પુરંદરદાસ રોજ સાંજે ભક્તિ કરતાં અને રાજા ક્રિષ્નાદેવરાયા પણ હાજરી આપતા. બાહમની સુલતાનો વિજયનગર પર ચઢાઈ કરવાનાં સંકેત પુરંદરદાસને મળતાં જ તેઓ વિઠ્ઠલ-રૂખમણીની મૂર્તિઓ લઈને ભાગી છૂટ્યા અને મહારાષ્ટ્રમાં સાંગલી પાસે આવેલ પંઢરપૂરમાં સ્થાપના કરી જે આજે એક પ્રખ્યાત તીર્થધામ મનાય છે.

*ફોટો અને માહિતી :*
*કિરણ વિસરિયા (કોટડા રોહા)*
*મો.: ૯૩૨૨૨ ૩૪૮૪૭*



✲ લીલાધર માણેક ગડા-અધા ✲

# 'ઈશ્વરનો આભાસ'

આજે ઓશોની એક બોધકથાનું સ્મરણ થયું. એક રવિવારે ચર્ચમાં શ્રદ્ધાળુઓની ભારે ભીડ હતી. પાદરીનું આકર્ષક શબ્દોમાં પ્રવચન ચાલુ હતું. ઈશુને મળવા અને જોવા માગનાર ભાવિકજનો પાદરીનું પ્રવચન મંત્રમુગ્ધ બની સાંભળતા હતા ત્યારે સ્વર્ગમાં વિચરતા ઈશુને પોતાના ભક્તોને મળવાની ઈચ્છા થઈ. તેઓ જે સ્વરૂપે આ જગત છોડી ગયા હતા તે પરિવેશ પહેરી, માથે કાંટાળો તાજ, હાથમાં ક્રોસ, ઉઘાડા શરીરે, માત્ર પોતકી પહેરી ચર્ચમાં આવ્યા. ચર્ચનાં દરવાજે ગૅટકીપરે તેમનો રોકયા અને પૂછ્યું 'કોણ છે તું?' અહીંયાં શા માટે આવ્યો છે?'

ઈસુ ખ્રિસ્તે જવાબ આપ્યો, 'હું જીસસ પોતે છું. તે મને ન ઓળખ્યો?'

દરવાન ખડખડાટ હસી પડ્યો, 'વાહ બહુરૂપીયા, તું ચુપચાપ બહાર બેસી જા.' દરવાનની નજર ચૂકાવી ઈસુ અંદર ગયા. પ્રાર્થના કરતા દરેક ખ્રિસ્તીજન આંખો ખોલી વિસ્મય ભાવે આગંતુકને જોતા રહ્યા. લોકોનું ધ્યાન ત્યાં દોરાયું એટલે મુખ્ય પાદરીનું ધ્યાન પણ ત્યાં ગયું. એમણે ઉતાવળથી પ્રાર્થના પૂરી કરી. બધા શ્રદ્ધાળુઓ પેલી વ્યક્તિની આસપાસ ટોળે વળી વીંટળાઈ વળ્યા. 'તું કોણ છે?' પ્રશ્નનો એક જ જવાબ મળતો હતો, 'હું સ્વયં જીસસ છું, ઈસુ છું. તમે જેમની દર રવિવારે પૂજા કરો છો, જેની મૂર્તીના દર્શન કરવા કતારમાં ઊભા રહો છો, હાથ પસારી જેની પાસે આશીર્વાદ માગો છો, એ પોતે ગોડ જીસસ છું'. ટોળામાંથી કોઈએ તેની ટીખળ કરી, કોઈએ મશ્કરી કરી, કોઈએ ટપલી મારી. આગંતુકનું એક જ રટણ હતું, 'હું ઈશ્વર છું, જીસસ ક્રાઈસ્ટ છું, ઈસુ ખ્રિસ્ત છું, ટોળામાંથી બે-ચાર જણે ઉશ્કેરાટ કર્યો.

''આ ભાઈ, આપણા ભગવાનનું અપમાન કરે છે, મારો એને.'' ચાર–છ જણ મારવા લાગ્યા ત્યારે પાંચ-સાત ભલા જણ વચ્ચે પડ્યા.

''આ ગાંડો માણસ લાગે છે, એને મારો નહીં, પાદરી પાસે લઈ ચાલો''. ટોળામાંથી

બે જણ આગંતુકના હાથ પકડી, ઘસડીને પાદરી પાસે લઈ ગયા. પાદરીએ એની સામે જોઈ કહ્યું, ''આ શું નાટક માંડ્યું છે.''

પેલા આગંતુકે આશ્ચર્ય વ્યક્ત કર્યું.

''શું તું મને નથી ઓળખતો? તું દરરોજ તારા પ્રવચનમાં જેની પ્રશંસા કરી થાકતો નથી, જેની કૃપા માટે ભક્તો વતી મારી પાસે સતત માગણી કરતો રહે છે, તે સ્વયં હું ઈશુ છું. આજે આપ સૌને દર્શન આપવા આવ્યો છું.''

ટોળું અધીરું બની ગયું હતું અને જોરશોરથી રાડો પાડી રહ્યું હતું કે આપણા ભગવાનનું એ અપમાન કરે છે, આપણા ચર્ચને અભડાવે છે, આપણા ગીરજાઘરને અપવિત્ર કર્યું છે, એને મારો અને પાઠ ભણાવો. અમે ધર્મની અવહેલના સહન નહીં કરીએ.

પાદરીએ લોકોને શાંત પાડ્યા અને પેલા માણસને એક રૂમમાં પૂરી તાળું મારી ટોળાને વીખેરાઈ જવા કહ્યું, ''તમે ચિંતા ન કરો, બધા ઘરે જાઓ, હું એને પોલીસને સોંપી દઈશ.'' અને ધીરેધીરે ટોળું વીખેરાઈ ગયું.

સૌ પોતપોતાને ઘરે ગયા. પાદરીએ ઓરડામાં પૂરેલી વ્યક્તિ માટે બપોરે અને સાંજે ભોજન મોકલ્યું અને મોડી રાત્રે પાદરી એ વ્યક્તિ પાસે ગયા.

''પ્રણામ'', પાદરી પગે લાગ્યો.

''તેં પણ મને ન ઓળખ્યો'', ઈસુએ પુછ્યું.

''પ્રભુ, હું તમને ત્યારે જ ઓળખી ગયો હતો, પરંતુ હું લોકો પાસે આપની ઓળખ છતી કરું તો લોકોને વિશ્વાસ બેસત નહીં. તમારી સાથે મને પણ ગાંડો સાબિત કરત.''

''પણ'', ઈસુ આગળ કહેવા જતા હતા ત્યાં પાદરીએ એમની વાત અધવચ્ચે કાપી કહ્યું...

''પણ, બણ કંઈ નહીં આપ અંધારામાં ચુપચાપ સ્વર્ગે સિધાવો.

આ જગતમાં અમે તમારા એજન્ટ છીએ. તમારાં વિવિધ સ્વરૂપો રજૂ કરી એમને આભાસ (ILLUSION)માં રાખીએ છીએ. અમે રજૂ કરેલી વાતો સિવાય ભક્તો અન્ય વાતો કબૂલ નહીં કરે, તમારું અસલી સ્વરૂપ એમના મનમાં જ સચવાઈ જાય છે. વાસ્તવિક દર્શનથી તેઓ મૂંઝાઈ જશે, અમને પણ મૂંઝવશે અને અમારી આ દુકાન, આ વ્યવસાય, આ દેવળો, ગીરજાઘરો બધાં બંધ પડી જશે, માટે અમારી વિનંતી સ્વીકારી

આપ પાછા સ્વર્ગમાં જાઓ, ત્યાં મોજથી રહો અને અમને અહીં મોજથી રહેવા દો.

અને સવાર પડે તે પહેલાં જીસસ સ્વર્ગમાં પહોંચી ગયા.

આ વાત દરેક ધર્મને લાગુ પડે છે. શ્રીકૃષ્ણ ભગવાન પોતાના અસલી વેશમાં ગોવાળિયા બની અહીં આવે તો એમને કોઈ પણ કૃષ્ણભક્ત નહીં સ્વીકારશે. કાબાના પથ્થર ઉપર અલ્લાહ બેસી આરામ ફરમાવશે તો કદાચ એમના મુર્શીદો અને સાગરીતો પથ્થર ફેંકશે અથવા એમને નીચે ઉતારી દેશે. આપણા તીર્થંકરો મોક્ષ પામ્યા છે એટલે એમનું અવતરણ ન થાય, પણ HYPOTHETICALLY આપણે માની લઈએ કે કોઈ ભવ્યાતી ભવ્ય દેરાસર સાથે, પોતાની જ અંગરચના કરેલી, માથે સોનાનો મુગટ, કાને હીરાનાં કુંડળ પહેરી મુર્તી સામે કાઉસગ્ગ મુદ્રામાં મહાવીરસ્વામી ઊભા રહે તો સંભવત એમની પણ ઈસુ જેવી દશા થાત. શ્રીમદ્ રાજચંદ્રનાં બ્રહ્મસ્વરૂપને હજી બે સદી પણ નથી થઈ. તદ્દન અકિંચન વ્યક્તિત્વના નામે કરોડોના ખર્ચે દેરાસરો, મંદિરો બનો છે. માત્ર કાબાનાં પથ્થરને જ અલ્લાહનું સ્વરૂપ સમજનારાઓ કેવી જાજરમાન મસ્જિદો બનાવે છે અને આ બધું સ્વીકારવા કેવી માયાજાળો, કેવી લાલચો (સ્વર્ગ-જન્નત) આપી ભોળા અનુયાયીઓને સમજાવવામાં આવે છે. આ અંગે વધુ ટિપ્પણીઓથી ધર્મને અફીણની ગોળીઓ બનાવી પાનાર એજન્ટો નાખુશ થશે. નારાજ થશે, કોઈપણ ધર્મનાં અનુયાયીઓને સાદગી આપનાવવી નથી. દરેક ધર્મનાં વિવિધ અનુષ્ઠાનો કે ઉજમણાંઓમાં બધું ભવ્યાતિ ભવ્ય જ ખપે છે. જેનું કારણ ધર્મ પ્રત્યેનો અનુરાગ નથી, પરંતુ આર્થિક સમૃદ્ધી અને પ્રતિમાઓની હારોહાર પ્રતિષ્ઠાની સ્થાપના કરવાની હોય એવા સંકેતો છે.

આપણી આસપાસ રહેતા લોકો તમામ ધર્મના છે. હિંદુ ધર્મના તમામ ફાટાઓ, ઈસ્લામ, જૈનના ફીરકાઓ, સ્વામીનારાયણ સંપ્રદાય, ખ્રિસ્તી ધર્મ, બૌદ્ધ ધર્મ ઈત્યાદિ આપણે મુંબઈને કેંદ્રમાં રાખી વાત કરીએ તો ડૉ. બાબાસાહેબ આંબેડકરના અનુયાયીઓએ એમને અનુસરી આજથી ૬૦-૭૦ વર્ષ અગાઉ બૌદ્ધ ધર્મ સ્વીકાર્યો અને તેઓ દલિત સમુદાયમાં હતા એટલે બહુ સંપત્તિવાન નહોતા. એ સિવાય દક્ષિણ ભારતીયો જેઓ શૈવ સંપ્રદાયો હતા અથવા દ્રવિડ ધર્મના સંપ્રદાયો (આમ તો હિંદુ ધર્મ જેવા જ)ને માનનારાઓ લગભગ દોઢેક સદીથી વસ્યા છે. ખ્રિસ્તીઓ પણ મુંબઈનો જેમ જેમ વિકાસ થતો ગયો તેમ તેમ તેઓની, પારસીઓની, ગુજરાતીઓની

(તમામ ધર્મને અનુસરતા) વસ્તી વધતી ગઈ. મૂળ મરાઠી રહેવાસીઓ કોળીઓ (માછીમારો) હતા, પછીથી મહારાષ્ટ્રના અન્ય વિભાગોમાંથી લોકો આવી વસ્યા. મૂળ અહીં ઈસ્લામ ધર્મ પાળનારાઓ પણ માછીમારી અને વહાણવટા સાથે સંકળાયેલા હતા. મુસ્લિમ વ્યાપારીઓ (વહોરા, ખોજા)નો મુંબઈના વિકાસની સાથે એમનો વસવાટ વધવા લાગ્યો. આમ મુંબઈની પંચરંગી વસ્તી છેલ્લી બે સદીથી-૨૦૦ વર્ષથી સ્થિર થઈ છે.


મને ખ્યાલ છે ત્યાં સુધી છેલ્લાં ૧૨૫ વર્ષ દરમ્યાન મુંબઈ અને આમ કહીએ તો ભારતમાં એક પણ નવાં ચર્ચ-દેવળનું નિર્માણ થયું નથી. આની સામે મસ્જિદો-દરગાહો, મંદિરો, દેરાસરો, માતાજીનાં મંદિરોની નિર્માણ પ્રવૃત્તિ અવિરતપણે ચાલે છે. આ ધાર્મિક સ્થળોની સંખ્યામાં ઉત્તરોત્તર વધારો થતો જાય છે. આ વધારાનાં સ્થળોની કેટલી જરૂરત છે એની વાત પડખે મૂકીએ પરંતુ એમાં થોડો વિશિષ્ટ વિચાર કરીએ તો એનો ખ્યાલ જરૂર આવશે. પ્રભુની પ્રતિષ્ઠાની સાથેસાથે પદ (કચ્છીમાં પદનો બીજો અર્થ પૈસો પણ થાય છે) અને પૈસાની પ્રતિષ્ઠાનું મહત્ત્વ વધારે છે. મસ્જિદોનાં નિર્માણ માટે પૈસો ખાડીના દેશોમાંથી આવે છે. ઘણાં મંદિરોનાં નિર્માણ માટે અનુદાન એન.આર.આઈ. વ્યક્તિઓ મોકલે છે. ભારતની માત્ર દોઢ થી બે ટકા વસ્તી ધરાવનાર જૈનો પાસે દેશની વીસ ટકા સંપત્તિ છે અને આ ધર્મસ્થળોનાં નિર્માણમાં પ્રતિબિંબિત થાય છે. છેલ્લાં ૧૨૫ વર્ષ દરમ્યાન એક પણ ગીરીજાઘર નિર્માણ ન કરનાર અન્યો કરતાં ઓછા ધાર્મિક છે એમ આપ કહી ન શકો. આ દેશમાં જેટલાં દેવળો છે તેના કરતાં ઘણી મોટી સંખ્યામાં એમની સાથે સંકળાયેલ શાળાઓ, કૉલેજો, અનાથાશ્રમો, હોસ્પીટલો છે. અનુષ્ઠાનો, ઓચ્છવો, અન્નકૂટો, હિંડોળાઓ, ઉર્સો, ઉજમણાંઓ ધાર્મિકતા નથી. કરુણા, સહાનુભૂતિ, ગરીબો માટે સમાનાભૂતિ અને નિસ્બત થકી ધર્મ ઉજળો છે. ત્યાં જ એની સાર્થકતા છે.

મો. : ૯૮૭૯૫૦૬૦૫૯

આપના ઘરે, ક.વી.ઓ. સેવા સમાજનું માસિક મુખપત્ર પગદંડી ન આવતું હોય, તો ઉપર આપેલ ક્યૂઆર કોડ સ્કેન કરીને અથવા નીચે આપેલ લિંક પર ક્લિક કરી, આજે જ આપનું લવાજમ ભરો.

**cutt.ly/pagdandi**

# વૉશ બેસીનથી થોડેક છેટે



ડૉ. ગુલાબ દેઢિયા

એ ચિત્ર મનનો કબજો લઈને બેઠું છે. મનમાંથી ખસતું નથી. કચ્છી ભાષાના બુઝુર્ગ કવિ માધવ જોશી અમારે ઘરે પધાર્યા હતા. કાવ્યશાસ્ત્રવિનોદ અવિરત ચાલતો રહ્યો, આનંદ આનંદ થઈ ગયો.

મધ્યાહ્ને ભોજન માટે અમે ઊભા થયા. ગામના અમારા ઘરમાં હજી સુધી વૉશ બેસીન નથી. અમને એની ખોટ નથી સાલતી. ઘર નાનું ને આંગણું મોટું, એટલે કળશિયો લઈનો આંગણામાં હાથ ધોઈ લઈએ. મહેમાનને સાદર હાથ ધોવડાવીએ. હું પાણી ભરેલો કળશિયો અને નૅપ્કિન લઈને ઊભો હતો.

કવિને હાથ ધોવા વિનંતી કરી. કવિ હાથ લંબાવે અને હું પાણી રેડું એટલી જ વાર હતી ત્યાં તો માધુબાપા મને કહે:

'મારી એક વાત માનશો ?'

'ચોક્કસ, એમાં તે કંઈ પૂછવાનું હોય? કહો, શું આજ્ઞા છે ?' વિચારમાં પડી મેં પૂછ્યું.

'આ લોટો મને આપો. આજે હું તમને હાથ ધોવડાવું'.

યજમાન હું હતો. એ તો મારી ફરજ હતી. માત્ર ફરજ નહિ, આનંદ, ગૌરવ, બહુમાન, વિનય બધું જ હતું.

પરંતુ માધુબાપાના અવાજમાં જે અનુનય હતો, તે જીતી ગયો. કોઈ પણ તર્ક-વિર્તક કર્યા વગર હું માની ગયો. આ પ્રસંગ મનમાં જાગ્યા કરે છે.

હાથ ધોવા, ધોવડાવવાની એ પળો ચિર-સ્મરણીય બની ગઈ છે. હાથ નમાવી ઊભા રહીએ. હાથ ધોવડાવનાર સાચવીને પાણી હળવે હળવે રેડે. છાંટા ન ઊડે તેનો ખ્યાલ રાખે. આદરની મહેંક આપ્યા કરે. બન્ને ચહેરા પર સ્મિત ફરકયા કરે. વૉશ બેસીનમાં જાતે હાથ ધોતાં આ અમુલખ અનુભવ થોડો થવાનો !

વાજતે-ગાજતે ગુરુગ્રંથસાહેબની યાત્રા નીકળી હતી. ખૂબ મોટી શોભાયાત્રા હતી. અનેક ભક્તો ભક્તિભાવે પદયાત્રામાં જોડાયા હતા. ગુરુગ્રંથસાહેબના રથની આગળ એક કૌતુક દીઠું. રથ આગળ વધે છે, તેની પહેલાં સાત-આઠ સુખી પરિવારની ગૃહિણીઓ અડવાણે

પગે ચાલતી હતી અને રથનો મારગ મોટી સાવરણીઓથી વાળતી જતી હતી. રસ્તો સાફ હતો, પણ હજારો માણસોની વચ્ચે આ સન્નારીઓ ઉમંગ, હોંશ નો ભક્તિભાવપૂર્વક રથયાત્રાનો માર્ગ ચોખ્ખો કરતી હતી. આપણે ત્યાં ભક્તિ પ્રગટ કરવાની, નમ્ર બનવાની કેવીકેવી રૂડી રીતો જીવે છે! હર્ષાશ્રુ આવી જાય એવું દૃશ્ય હતું!

જૈનોમાં એક પરંપરા છે. કોઈ શ્રાવક મોટા પૂજનનું આયોજન કરે ત્યારે પોતાનાં સ્નેહી-સ્વજનોને પૂજનમાં સહભાગી થવા નિમંત્રણ આપે. મહેમાનો આવે ત્યારે યજમાન પરિવાર દ્વારા બારણે, જાહેરમાં એમના પગ ધોવડાવે. આ વિધિમાં સ્વાગત છે, ભક્તિ છે, વિનંતી છે અને અનેરો આનંદ છે. તમે પધાર્યા તેનો ઉપકાર એ ભાવનાનું દર્શન છે.

મને ખબર પડી ગઈ, તમને હમણાં શું યાદ આવ્યું છે? 'પગ મને ધોવા દો રઘુરાય'. રામ-લક્ષ્મણ–જાનકીને ગંગા પાર કરાવતી વખતે ગુહ રામના પગ ધોવાની વિનંતી કરે છે. એ નાવિકને પૂછવામાં આવે છે, 'શું ઉતરાઈ લેશો?' નાવિક કહે છે : તમને હું ગંગા પાર કરું, પ્રભુ અમને ઉતારો ભવ પાર.

નાવની ઉતરાઈ નવ લઈએ, આપણે ધંધાભાઈ.

કવિ શ્રી દુલા ભાયા કાગની અદ્ભુત રચના છે:

આપણા જીવનમાં અહંકાર, અભિમાન, વટના પ્રસંગો તો ડગલે ને પગલે આવે છે. આવા નમ્રતાના, સરળતાના, સહજતાના, આદરમાનના અવસરો ઓછા આવે છે.

તમે અમારા કચ્છના ઘરે આવશો ત્યારે હું તમારા હાથ જરૂર ધોવડાવીશ.

મો. ૯૮૨૦૬૧૧૮૫૨

**શ્રી ક.વી.ઓ. સેવા સમાજનું બિનધંધાદારી મુખપત્ર**

સ્થાપના : ૧૯૪૭ વર્ષ : ૭૭

**પગદંડી**

અંક : ૦૪ જુલાઈ ૨૦૨૪

**તંત્રી : અશ્વિન માલદે**

**સંકલન : સંજય છેડા**

મુદ્રક -પ્રકાશક : **શ્રી અશ્વિન પી. માલદે**

પ્રકાશન સ્થળ: શ્રી ક.વી.ઓ. દે. નવી મહાજન વાડી, ઉજે માળે, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ, મુંબઈ - ૪૦૦ ૦૦૯.

ફોન નં : ૨૩૭૧ ૪૬૭૪

www.kvoss.org. - email :pagdandi@kvoss.org

ટાઈપસેટીંગ : **ધીરેન મુરજી ગાલા** (કોટડા(રોહા) - ફોર્ટ)

મોબાઈલ : ૯૮૩૩૫૪૧૦૪૦

મુદ્રણ સ્થાન : **મેઘાર્ટ કલર ક્રાફટર્સ,**

૪૨, આઈડિયલ ઈન્ડ. એસ્ટેટ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ, મુંબઈ -૪૦૦૦૧૩. ફોન : ૨૪૯૨ ૧૯૬૪

**–: લવાજમ :–**

૧૦ વર્ષ : રૂા. ૧,૦૦૦/- છૂટક નકલ : રૂા. ૧૫/-

**ચેક/ડ્રાફટ શ્રી ક.વી.ઓ. સેવા સમાજને નામે લખવા.**



# કવિ 'તેજ'ની જીવનકથા

✳ વસંત મારુ ✳

### કવિ તેજનો જન્મ

કવિ તેજપાળ ધારશી નાગડા ઉર્ફે કવિ તેજ એટલે કચ્છીયતના મશાલચી! એંસી પંચ્યાસી વર્ષ પહેલાંના સમયમાં વાણિયાનો દીકરો કવિતાનો વેપલો કરે એ સામે પાણીએ તરવા જેવી વાત હતી! કવિ તેજનો જન્મ નલિયા ગામમાં થયો.



તેજના પિતા ધારશીબાપા મુંબઈમાં નોકરી કરતા હતા, પણ ગાંધીજીની હાકલથી મુંબઈ છોડી કચ્છમાં સ્વતંત્રસેનાની તરીકે કામ કરવા લાગ્યા. તેજસીનાં માતા વેજબાઈ પાંચ દીકરીઓ અને ત્રણ દીકરાનું વસ્તારી કુટુંબ સાચવી અર્ધાંગિની તરીકે બધી જવાબદારી સંભાળતાં. પણ તેજસી માંડ સવા વર્ષનો હતો ત્યાં પિતા ધારશી બાપાનું અવસાન થયું.

### મનમોજીલો બાળ તેજસી ઉર્ફે તેજપાલ

તેજસી થોડો મોટો થયો ત્યારે અન્ય બાળકોના અધા (પિતા)ને જોઈ પોતાના અધાને શોધતો, પિતાના વહાલ માટે ઝૂરતો બાળ તેજસીને આખરે નલિયાથી થોડે દૂર તેરા ગામમાં અધા(પિતા) મળી પણ ગયા! એ પણ જેવા તેવા અધા નહીં, પણ તેરાના દહેરાસરમાં બિરાજમાન તીર્થંકર પાર્શ્વનાથના રૂપે! પાર્શ્વનાથ પ્રભુની આંખોમાં જાણે એણે પિતાના વહાલનો દરિયો વહેતો જોયો. પાર્શ્વનાથ પ્રભુ પર એમનો અપ્રતિમ શ્રદ્ધા. જીવનમાં જ્યારે જ્યારે પણ તકલીફો આવતી ત્યારે ત્યારે મનમાં કહેતાં, ''તેજસી ચિંતા શું કરે છે? ઉપર પાર્શ્વનાથ ડાડો બેઠો છે ને!!'' અને એટલે જ કદાચ જીવનભર મસ્તી અને મોજમાં રહી મનમોજીલા માનવી બનીને જીવ્યા.

### ઠોઠ નિશાળિયો તેજપાળ

બાળપણમાં એમનો ભણવા માટે નિશાળમાં મૂકવામાં આવ્યા, પણ એમનું મન ભણવામાં જરાય લાગે નહીં, એમના માટે કાળા અક્ષર ભેંસ બરાબર હતા. નિશાળમાંથી અવારનવાર ભાગી જાય એટલે શાળાના માસ્તર છોકરાઓને એમના ઘરે

મોકલે. છોકરાઓ એમને ટીંગાટોળી કરીને સ્કૂલમાં લઇ આવે. એ જમાનાના ટીચર (માસ્તર) બહુ કડક રહેતા એટલે શિક્ષા કરવા તેજસીને ઝાડ પર ઊંધો માથે લટકાવી દેતા તોય તેજસીનું ચંચળ મન બહાર પશુ-પક્ષી કે નિસર્ગમાં ભટકતું રહેતું. માસ્તર ગુસ્સે થઇ મારતાં મારતાં કહેતાં ''તેજસી ભણને ન ત કોરો ઢગા ચારીને? માસ્તરનું આ વાક્ય સાંભળી બહુ રાજી થતા કારણકે ઢગા, ગાય, બકરી, બિલાડી, કૂતરા ઈત્યાદિ એમને બહુ ગમતાં.

છેવટે માસ્તરને પણ લાગ્યું માં સરસ્વતી તેજસીથી રિસાયેલી છે એટલે એનું કાંઈ નહીં થાય. તેજસીને ત્રણ ધોરણ પસાર કરી ચોથા ધોરણ સુધી પહોંચતા નવ-નવ વર્ષ લાગ્યાં. ચોથા ધોરણમાં અધવચ્ચે નિશાળ છોડી દીધી, પણ ત્યારે માસ્તરને ક્યાં ખબર હતી કે રિસાયેલાં સરસ્વતીદેવી એક દિવસ તેજસી પર એવા રિઝાશે એવા રિઝાશે કે ચોથી ફેલ તેજસીના હાથે ચાળીસ ચાળીસ પુસ્તકો લખાશે અને વાચકોને ભીંજવી દેશે!!

**બાળકવિ તેજ**

તેજસી બાર-પંદર વર્ષનો હતો ત્યારથી મિત્રોને પોતે રચેલી પેરોલી (ઉખાણાં) પૂછતો, પોતે જોડી કાઢેલાં જોડકણાં મિત્રોને સંભળાવતો. મિત્રોની વાહવાહથી પોરસાતો. નવુંનવું લખવાની ચાનક ચડતી. પરિણામે લેખનકાર્ય શરૂ થયું અને પાંસઠ વર્ષ સુધી કાવ્યો સર્જાતાં રહ્યાં. જીવનના સાડા-છ દાયકા માં સરસ્વતીની આરાધના કરી, પણ કવિ તેજ એનો પાર્શ્વનાથ દાદાની કૃપા ગણતા. તેજ અલગ માટીના બનેલા હતા. એમનો ઘણાબધા પૈસા કમાવવા કરતા જિંદગીને જલસો બનાવી કવિતાની રસ લહાણ કરવી હતી, રસિકજનોને ભાગીદાર બનાવવા હતા. વ્યહવારિક દુનિયામાં આને કદાચ ગાંડપણ કહેવાતું હશે પણ દુનિયા ડાહ્યાઓથી નહીં ગાંડાઓથી જ ચાલે છે!!

**તેજનાં લગ્ન**

એ કવિતા અને પ્રકૃતિને દિલોજાન પ્રેમ કરતા. એમણે સરકારી ગાડીના ડ્રાઈવર તરીકનો નોકરી સ્વીકારી, પણ થોડાક સમયમાં જ એમને તાવ આવ્યો અને કાનમાં ઇન્ફેકશન થયું. કમનસીબે એમાં એમની સાંભળવાની શક્તિ સાવ ઓછી થઈ ગઈ. આ કમનસીબી સામે એક શુકનવંતી ઘટના એમના જીવનમાં બની. જ્ઞાતિની જયા નામની એક સંસ્કારી કન્યા સાથે એમનાં લગ્ન લેવાયાં.

જયાબેનનો જન્મ કેરળ રાજ્યના કાલીકટ નામના શહેરમાં નારિયેળના વેપારીના ઘરે થયો હતો. સમય જતા એ કુટુંબ કાલીકટથી મુંબઈ રહેવા આવ્યું. જયાબેને મુંબઈમાં સાત

ધોરણ સુધી અભ્યાસ કર્યો. એ જમાનામાં છોકરી સાત ધોરણ ભણે એટલે આજના ડબલ ગ્રૅજ્યુએટ જેટલું સન્માન મળતું. આમ સાત ધોરણ પાસ જયાબેન અને ચોથું ફેલ તેજસીનો ઘરસંસાર મંડાયો.

ભણતરના પાયા પર નહીં, પણ સમજણના પાયા પર મંડાયેલો એમનો ઘરસંસાર લીલોછમ બની ગયો. જયાબાઈ સમજી ગયાં કે આ ઓલિયા જીવને પીઠબળ આપી સંસારની જવાબદારીમાંથી મુક્ત રાખવા પડશે. બંનેનાં પ્રેમલગ્ન નો'તાં પણ લગ્ન પછી બંને વચ્ચે અલૌકિક પ્રેમનો ઉત્સવ રચાયો!! કવિરાજને તો બખા થઈ ગયાં એક બાજુ પાર્શ્વનાથ દાદા અને બીજી બાજુ અર્ધાંગિની જયાબાઈ, એમને ચિંતામુક્ત રાખતાં. કવિરાજ ધનના ઢગલા ન કમાઈ શક્યા, પરંતુ જરૂરિયાત પૂરતા પૈસાની આવક એમને મળી રહેતી, એટલે ઘરમાં ગરીબાઈ ક્યારે ન આવી. પ્રથમ માંડવીના દરિયાકિનારે આવેલી જ્ઞાતિની ધર્મશાળા અને પછી નલિયાની ભોજનાશાળા અને ગૌશાળાનો વહીવટ સંભાળવા લાગ્યા.

આ દરમિયાન એમણે જબરું સાહિત્ય સર્જન કર્યું. એમના સર્જનમાં ક્યાંય ભાષાનો આડંબર ન હોય. સહજ અને સચોટ વાત. એમાંય એમણે નિરીક્ષણો, માનવીના ભલા-બૂરા ગુણોને સચોટ રીતે રજૂ કરવાના કસબથી કચ્છી સાહિત્યને નવો આયામ આપ્યો. એટલે જ એમના સાહિત્યનો દેશ-પરદેશમાં લાભ મળે માટે કચ્છ યુનિવર્સિટીનાં ડૉ. કાશ્મીરા મહેતા અંગ્રેજીમાં રૂપાંતર કરી રહ્યાં છે.

## કવિ તેજને અનોખો એવૉર્ડ

કવિ તેજને અનેક એવૉર્ડ સન્માન મળ્યા છે, પણ કવિને એક અનોખો એવૉર્ડ બહુ પ્રિય. તેજને પશુ અને પક્ષીઓ પ્રત્યે અપાર હેત. પોતે પૂરું સાંભળી નહોતા શકતા, પણ જાણે પશુ-પક્ષીની આંખો વાંચી શકતા. પશુની સેવા કરવામાં આ કવિને અનહદ સુખ મળતું. નલિયાની ઠંડી આખા ગુજરાતમાં વખણાય. શિયાળાની પરાઢે કવિ પાંજરાપોળની ગમાણમાં પહોંચી જાય. એકએક પશુને હાથ ફેરવે, એમની સાથે વાત કરે અને ગરમાટો આપવા પ્રયત્ન કરે. છેવટે ચારો આપે. પછી ઘરે પાછા ફરે. પશુ પ્રત્યેનો એમનો આ પ્રેમ જોવા એકવાર મુંબઈ પ્રાંતના તે વખતના પૂર્વ મુખ્યમંત્રી મોરારજી દેસાઈ નલિયા આવ્યા. કવિની જીવદયા જોઈ હર્ષાવેશમાં એમણે પોતાનો કોટ આપી કવિ તેજને નવાજ્યા. મોરારજી દેસાઈનો કોટ એમના માટે અનોખો એવૉર્ડ બની ગયો.

## પત્ની જયાબાઈનું અવસાન

કવિતા રચીને મોજ કરતા કવિના જીવનમાં અચાનક દુઃખનું વાદળ તૂટી પડ્યું.

તેજનો નાનો દીકરો ઋષભ જ્યારે ત્રણ વર્ષનો હતો ત્યારે પત્ની જયાબાઈનું અવસાન થયું અને કવિ તેજ ભાંગી પડ્યા. પત્ની-વિયોગમાં હિજરાવા લાગ્યા. સાત સંતાનોને મૂકી જયાબાઈ સ્વર્ગે સિધાવી ગયાં. સમજદાર સંતાનો અધાને સામેથી આશ્વાસન આપવા લાગ્યાં. પણ તેજ અંદરઅંદર દુ:ખથી તૂટવા લાગ્યા. ત્યારે એમની કલમમાંથી નીકળેલાં કાવ્યો પત્નીવિરહના દર્દને પ્રગટ કરવા લાગ્યાં. પ્રેમગીતો તો અનેક કવિઓએ લખ્યાં છે. પણ પત્નીવિરહના ઉચ્ચ સ્તરના બે કાવ્યસંગ્રહ ''ધરધજી વાણી'' તથા ''વિલાપજી વાણી'' સ્તરના કાવ્યાસંગ્રહ કોઈ સાહિત્યમાં કદાચ શોધ્યા નહીં મળે.

પત્નીવિરહથી તેજ એટલા પીડાયા કે પત્નીનું અવસાન જે દિવસે થયું ત્યારથી લઈ પોતાનું અવસાન થયું ત્યાં સુધી બાકીના જીવનમાં કવિ તેજ ક્યારેય પણ ઘરની અંદર સૂતા નથી. બહાર આંગણામાં કે ચોકમાં, કે ઘરની બહાર પરસાળમાં રાત્રી વિતાવતા. ઘરના ઓરડામાં પત્નીની યાદો એમને બેચેન બનાવી દેતી.

**તેજ સાથે મારો પ્રથમ પરિચય**

કવિ તેજ મંચના નહીં, પણ મહેફિલના કવિ હતા. સ્ટેજ પરથી કાવ્યો રજૂ કરવા એમને સંકોચ થતો, પણ દસ-બાર મિત્રોની મહેફિલમાં એ ખીલી ઊઠતા. મારો અને એમનો પરિચય કચ્છી નાટકને કારણે થયો. કચ્છ યુવક સંઘનું કચ્છી નાટક ''અધા આંકે સો સો સલામીયું''નો શૉ કરવા નલિયા ગયા. રાતે નલિયા ગામનો ચોક માનવ-મહેરામણથી ઊભરાતો હતો. જગ્યા ઓછી પડતા લોકો મકાનોનાં છાપરાં પર પડી નાટકની મજા માણતા હતા. કચ્છી ભાષાના આ ઉત્સવમાં ઉભરાયેલું માનવમહેરામણ જોઈ કવિ તેજ તાનમાં આવી ગયા. રાતે બાર વાગ્યે નાટક પૂરું થતાં બધા કલાકારોને ભેગા કરી મહેફિલ માંડી. મને ભય લાગ્યો કે ઈંગ્લિશ મીડિયમમાં ભણેલા કલાકારોને કવિતા નહીં સમજાય, પણ કોન્વેન્ટમાં ભણેલા યુવાનિયાઓએ રાતે અઢી વાગ્યા સુધી નવેમ્બરની કડકડતી ઠંડીમાં કવિને સાંભળતા રહ્યા. ઋષિકુળના કવિ અને મુમ્બૈયા યુવાન કલાકારો વચ્ચે મૈત્રીનું તારામંડળ રચાયું. એ મારો પ્રથમ પરિચય એમની સાથે હતો.

**ભુવનચંદ્ર મહારાજસાહેબ એમના ખાસ મિત્ર**

જૈન ઋષિમુનિ મહોપાધ્યાય ભુવનચંદ્ર મહારાજસાહેબ એમના ખાસ મિત્ર. મૂળ બિદડા ગામના ભુવનચંદ્ર માંડ બાર વર્ષના હતા ત્યારે જ સંસાર ત્યાગી દીક્ષા લીધી. ત્યાર પછી માંડવીના વિદ્વાન પંડિત નાનાલાલ વોરા પાસે સંસ્કૃત, છંદશાસ્ત્ર, વ્યાકરણશાસ્ત્ર ઈત્યાદિનો અભ્યાસ કરી સંસ્કૃત, પ્રાકૃત

ઈત્યાદિમાં નિપુણ બન્યા. જૈન તત્ત્વજ્ઞાન અને સાહિત્યનો ઊંડો અભ્યાસ કર્યો. ભુવનચંદ્રજી મ.સા.નો સંસ્કૃતમાં લખાયેલો કાવ્યસંગ્રહ સુધ્ધાં પબ્લિશ થયો છે. કોઈ કચ્છી માડુનો સંસ્કૃતમાં કાવ્યસંગ્રહ છપાય એ વિરલ ઘટના હતી. ભુવનચંદ્ર મ.સા. એકવાર વિહાર કરી માંડવી પહોંચ્યા. તેજ માંડવીમાં જ્ઞાતિની ધર્મશાળામાં વહીવટદારની નોકરી કરે છે એ જાણી સામેથી મળવા ગયા, પરંતુ ત્યારે તેજ માંડવીની નોકરી છોડી નલિયા ચાલ્યા ગયા હતા. થોડાક સમયમાં મુનિરાજ વિહાર કરી નલિયા પહોંચ્યા ત્યારે કવિનો ભેટો થયો અને બંને વચ્ચે મૈત્રીનો માંડવો રચાયો.

ઋષિરાજ ભુવનચંદ્ર મ.સા.ને તેજના કાવ્યોમાં જીવનની ફિલોસોફી દેખાતી. પૃથ્વી પર ફેલાયેલી સજીવ - નિર્જીવ વસ્તુઓ પર કવિ તેજ સહજતાથી કાવ્યો રચી લેતા અને તેજની આ કુશળતા પર મહારાજસાહેબ આફરિન થઈ જતા. અવારનવાર ક્યાંક ને ક્યાંક બંને મળી લેવાનો સિલસિલો ચાલુ રહ્યો. પાર્શ્વગચ્છના મહોપાધ્યાય ભુવનચંદ્ર મહારાજસાહેબે કવિ તેજની કેટલીક રચનાઓનું ઈંગ્લિશમાં રૂપાંતર કરી નોન કચ્છી સાહિત્યરસિકોમાં એમની ઓળખાણ આપી! ઉપરાંત તેજના વીસેક પુસ્તકોનું સંપાદન કર્યું. તેજની પ્રતિભાથી અંજાઈને કલાપ્રેમી કિરીટભાઈ લાપસીયાએ અનેક પુસ્તકોને આર્થિક પીઠબળ આપ્યું.

**સમગ્ર ગુજરાત માટે ગર્વનો અવસર**

કવિ તેજનું અદ્ભુત પુસ્તક એટલે ''પખીયનજિયું પિરોલીયુ''. નિસર્ગપ્રેમી તેજે લગભગ ત્રીસ વર્ષની આકરી મહેનતથી કચ્છનાં વિવિધ ત્રણસો પક્ષીઓને શોધી કાઢ્યા. જ્યારે જ્યારે ચાન્સ મળે ત્યારે ત્યારે આ મોજીલો માડુ ગિફ્ટ મળેલો સાદો કૅમેરો લઈ જંગલ, રણ, પર્વત કે નદીતટે પહોંચી જાય. મોટા ભાગે પરોઢના ત્રણ વાગે નીકળે, નવું પક્ષી દેખાય એટલે એને નીરખે, પક્ષીની ખૂબી-ખામીની નોંધ લે, ચાંચ, આંખ, કદ, કાઠી જુએ, ન સમજ પડે તો જાણકારોની મદદ લઈ પક્ષીને ઓળખી કાઢે.

પક્ષીઓ શોધવા ભારતની બોર્ડરથી થોડે અંદર જવા લશ્કરી અધિકારીની પરવાનગી લઈ એમને સાથે રાખવા પડે. એકવાર હાજીપીર બોર્ડર પરથી પંખી જોતાજોતા છેક પાકિસ્તાનની અંદર ચાલ્યા ગયા. પાકિસ્તાની લશ્કરના અધિકારીએ એમને પકડી લીધા. હવે મુશ્કેલી એ થઈ કે તેજને ઉર્દૂ ન આવડે અને પાકિસ્તાની અધિકારીને કચ્છી ન આવડે. ત્યાં તો ભારતીય લશ્કરના અધિકારીનો ધ્યાનમાં આવતા તેજ ને છોડાવવા પ્રયત્ન કર્યો પણ પાકિસ્તાની અધિકારી તેજને છોડવા તૈયાર ન થયો. આ દરમિયાન નિર્દોષ તેજની આંખો તો પાકિસ્તાની ચોકીમાં બેઠા બેઠા પંખીઓને શોધતી રહી. છેવટે ભારતીય લશ્કરી અધિકારીએ વાયરલોસ મૅસેજ



મોકલતા છેક દિલ્હીથી ચક્રો ગતિમાન થયાં. ભુજથી એક અધિકારી મારતી મોટરે હાજીપીર બોર્ડર પર આવી માંડમાંડ પાકિસ્તાની અધિકારીને સમજાવી તેજને છોડાવી શક્યો. સરકારે રાવલપિંડી સુધી વાતચીત કરી.

એમ કરતાં કરતાં વાગડથી લઈ કચ્છના રણમાં વસતાં ત્રણસોએક પંખીડાંઓની વિશેષતા ઉપર પિરોલી (ઉખાણાં) લખી કાવ્યાત્મક નોંધ તૈયાર કરી.

આ નોંધ ઉપરથી લાલભાઈ રાંભિયાએ સજાવટ કરી, તેજના સાદા કૅમેરામાં કેટલાંક અજાણ્યાં. પક્ષીના ફોટા પડેલા, બુક વર્લ્ડકલાસ બનો તે માટે બૉમ્બે હિસ્ટ્રી સોસાયટી પાસેથી ફોટોગ્રાફ્સ મેળવી તેજના માનસસંતાનને જન્મ આપ્યો. ભુવનચંદ્ર મ.સા., બચુભાઈ રાંભિયા અને મને લેખક તરીકે જન્મ આપનાર ડૉ. ગુલાબભાઇ દેઢિયા દ્વારા એક અપ્રતિમ કૃતિએ સાહિત્યજગતમાં પગલાં પાડ્યાં. ત્યારે ભારતના પક્ષી વિશારદ સલીમ અલીનો રૂહ રાજી થતો હશે, કારણકે કચ્છના એક નાનકડા ગામમાં રહેતા રહેતા એક અલ્પશિક્ષિત માનવીએ પક્ષીઓ ઉપર અદ્‌ભુત પુસ્તક રચ્યું હતું.

**કવિ તેજનું અવસાન**

સોળમી એપ્રિલ, ૨૦૨૧ના ડૉ. વિશનજી નાગડાનો મૅસેજ આવ્યો કે કવિ તેજપાળ ધારશી નાગડા ''તેજે'' ચોર્યાશી વર્ષનું આયુષ્ય ભોગવી, આજે આ જગતમાંથી વિદાય લીધી અને અડધા કલાકમાં તો આ સમાચાર કચ્છથી લઈ કોલકાતા, મુંબઈથી લઈ ચેન્નઈ, બૅંગલોર, હુબલી, અમદાવાદ, હૈદરાબાદ, વિદેશમાં જ્યાં જ્યાં કચ્છીઓ વસે છે ત્યાં ત્યાં ફરી વળ્યા. એમનાં અસંખ્ય કાવ્યો અને ફોટોઝ આખી રાત અને બીજો આખો દિવસ વૉટ્સએપ, ફેસબુક, ટ્વીટર પર ટ્રેન્ડમાં રહ્યાં એટલે કદાચ ગૂગલને પણ સવાલ થયો હશે કે આ કવિ તેજ છે કોણ?

કર્ણાટકના હુબલી શહેરમાં વસતા એમનાં દીકરી ચંદનબેન અને ગાંધીધામ વસતા એમના પુત્ર ઋષભ પાસેથી એમની માહિતી મળી છે એ બદલ એમનો આભાર. અસ્તુ.

- લાલબાગ /કોડાય
૯૭૫૭૪૦૫૮૭૨

# આપણો ઈતિહાસ અને આપણે

✳ ડૉ. જિતેન્દ્ર એન. શાહ ✳

મનુષ્યજાતિઓનાં છેલ્લાં પચ્ચીસ લાખ વર્ષના ઉત્ક્રાંતિકાળમાં બનેલ ઘટનાઓનું વિશ્લેષણ યુવલ હરારીએ એમની ''સેપિયનસ્'' નામની લેખનીમાં સુંદર રીતે કરેલ છે. લગભગ ત્રણ લાખ વર્ષ પહેલાં થયેલ અગ્નિના ઉપયોગની શરૂઆત, માનવીની અમુક જાતિઓનો વિલય, બાર હજાર વર્ષ પહેલાં થયેલ ખેતીની શરૂઆત, પાંચ હજાર વર્ષ પહેલાં થયેલ રાજાશાહી અને પૈસાના વ્યવહારની શરૂઆત, અઢી હજાર વર્ષ પહેલાં થયેલ વસુધૈવ કુટુંબકમની ભાવનાની શરૂઆત, બુદ્ધની કરુણાનો સંદેશ, મહાવીરની આત્માને જાણવાની વાત, પાંચસો વર્ષ પહેલાં શરૂ થયેલ વૈજ્ઞાનિક પરિવર્તનો, યુરોપિયન પ્રજાના દુનિયાને જીતવાના પ્રયાસ, મૂડીવાદનો ઉદય, બસો વર્ષ પહેલાં શરૂ થયેલ ઔદ્યોગિક ક્રાંતિ, જીવ અને વનસ્પતિનો મોટા પાયા પર થયેલ વિનાશનું ચિત્રણ આપણી ચેતનાને ઢંઢોળવા માટે પૂરતું છે.

દરેક જીવમાં નિરૂપણ થેયલ કુદરતી ગુણધર્મો થકી જીવ એ પ્રમાણે વર્તન કરે છે. અસ્તિત્વ ટકાવી રાખવાની વાતમાં શિકાર કરવા નિકળેલ વાઘ સસલા કે બકરીને ચેતવતો નથી કે ભાઈ મને ભૂખ લાગી છે, હું તમને ખાવા આવું છું. એ જ કુદરતે સસલા અને બકરીને ઝડપથી દોડવાની ક્ષમતા પણ આપી છે એટલે એ દ્વંદ્વમાં કયું સસલું કે કઈ બકરી વાઘનો ભોગ બનશે એનો ફક્ત અંદાજ (Statistical probability) જ બાંધી શકાય.

કુદરતે આપણાને પણ ઘણીબધી વિશેષતાઓ આપી છે, જેવી કે હળીમળીને રહેવું, પ્રેમ કરવો, સ્વમાનથી જીવવું, ખુશામત કરવી, બીજાના આધિપત્યમાં જીવવું, પોતાના રક્ષણ માટે ખોટું બોલવું, છેતરવું, શારીરિક બળનો ઉપયોગ કરવો વગેરે. અન્ય જીવો કરતાં મનુષ્ય પાસે વિકસિત મગજની અદ્‌ભુત ભેટ છે. આ મગજમાં ઉત્પન્ન થતી ક્રિયાઓ આપણી સામે અમુક પ્રશ્નો ઊભા કરે છે જેના એકથી વધારે જવાબો પણ રજૂ કરે છે જે વિપરીત દિશાના હોય. આપણો સાંસ્કૃતિક વારસો (Civilization) અને આપણી વિવેકબુધ્ધિ

કેન્દ્રિત વિચારશરણી આ પરસ્પરના વિરોધી જવાબોમાંથી કોઈ એક ઉકેલની પસંદગી કરે છે. આ વિવેકબુદ્ધિની સલાહને માન્ય રાખવી કે અવગણાવી એ આપણું વર્તમાન અને ભવિષ્ય નક્કી કરે છે.

માનવજીવનના પટલ પર બનતી અસંખ્ય ઘટનાઓમાંથી થોડી અગત્યની ઘટનાઓની આજે મારે વાત કરવી છે. આપણી આજુબાજુ બનતી ઘણીબધી ઘટનાઓના આપણે સાક્ષી બનતા હોઈએ છીએ. ક્યારેક આપણે આંખ આડા કાન કરીએ છીએ. એક કિલો સાકરનું વજન કરતી વખતે વ્યાપારી ત્રાજવાની દિશા કઈ બાજુ રાખશે એ એના ભૂતકાળની પેઢીઓએ આપેલ સંસ્કાર દ્વારા અથવા આજુબાજુના વાતાવરણમાંથી શીખેલ વિચાર દ્વારા નક્કી કરશે. આ ઘટના સાથે એનું પોતાનું અને દેશનું વર્તમાન અને ભવિષ્ય લખાઈ જશે. આ ઘટનાની પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કોઈ જાહેરાત નહીં થાય, પણ એ બનાવ એક નવા બનાવની જનનીનો ગર્ભ બની જાય છે. તર્ક (Logic)ના સહારે આપણને સમજાવવામાં આવે છે કે ચોરી તો બધા કરતા હોય છે. હું નહીં કરું તો બીજો કોઈ કરશે અને હું પકડાતો નથી અને પકડાઈ જાઉં તો એમાંથી રસ્તો કાઢતા મને આવડે છે. આવા તર્કથી ઉત્પન્ન થતી જાળમાં આપણે પોતે પણ ફસાતા જઈએ છીએ. આપણા જીવન દરમ્યાન થનાર અનેક કાર્યોનો પથ પણ એવો જ રહેવાનો, શું ત્યારે ''ચોરી કરવી પાપ છે'' એવું માનવાનો આપણને નૈતિક અધિકાર રહેશે? આજુબાજુ બનતી અનેક ઘટનાઓ પર નજર કરી જો જો તમને મારી વાત સમજાઈ જશે.

મારો કહેવાનો આશય એ નથી કે દરેક વ્યક્તિ નિર્બળ બની ગઈ છે. આજે પણ એવા લોકો છે જેઓ પોતાની નીતિ છોડતા નથી, ફરક કદાચ એટલો છે કે આજથી પચાસ કે સો વર્ષ પહેલાં એમની સંખ્યા મોટી હતી, આજે જૂજ છે. કુદરતે જૈવિક તત્ત્વો (Genes)ની જાળ દ્વારા અનેક પ્રકારની શક્યતાઓ નિર્મિત કરી છે. વિવિધ ગુણધર્મોના આ વિશાળ સમુદ્રમાં કેટલાય જીવ એવા નિર્મિત થાય છે જેઓ કોઈના વ્યક્તિત્વથી અંજાઈ જઈ વિવેક ખોઈ બેસે છે. તેઓ એનું આધિપત્ય (Domination) સહજ રીતે સ્વીકારી લે છે. જો એ લીડર ગાંધીજી જેવા હોય તો સૌનું ભલું થાય, પણ જો હિટલર જેવા હોય તો પરિણામની કલ્પના તમે કરી શકો છો. રાજાશાહી એક વ્યક્તિ કે એક કુટુંબના માલિકી ભાવની વાત હતી. સ્વાતંત્ર્ય સૌની માલિકી અને સહુના ભલાની ભાવનાની વાત છે. અનેક

લડાઈઓ, ગુલામી અને ગુલામીની યાતનાની ઘણી કથાઓ ઈતિહાસમાં કંડારાઈ ગઈ છે. પ્રજા જ્યારે સુંસંસ્કૃત બને છે ત્યારે વિવેકબુદ્ધિ એને અન્યના હક્કો પર તરાપ નહીં મારવાનું શીખવાડે છે અને સાથે પોતાના હક્કોનું રક્ષણ કરવાનું પણ શીખવે છે. આ સત્ય, આત્મવિશ્વાસ અને સ્વાભિમાનની વાત છે. આવા જ વિચારો થકી અબ્રાહમ લિંકને અમેરિકામાં વર્ણભેદ નાબૂદ કર્યો, જુનિયર માર્ટીન લ્યુથર કિંગ, અને નેલ્સન મંડેલાએ પણ ગાંધીજીના રસ્તે ચાલી લોકોને હક્ક અપાવ્યા. ગુલામીમાં જીવતા લોકો કેવા ભેદભાવ અને અપમાન (Humiliation) અનુભવતા હોય છે એની ઝલક તમને આપણા દેશના લોકો પાસેથી મળી જશે. એમને પૂછી લેજો કે હરીજનો માટે ઘરમાં ચાના કપ અલગ રાખવામાં આવતા? મહાત્મા ગાંધીજી અને એમના સાથીઓએ આવા અપમાન અનુભવ્યા અને ભવિષ્યની પેઢીઓને આવી વાતો સહન ન કરવી પડે એ માટે ભારતને સ્વતંત્રતા અપાવી.

આપણાથી વધુ કાબેલ પ્રજા (વિદેશીઓ)ની રાજતંત્ર ચલાવવાની પદ્ધતિ અને ક્ષમતા કોઈને પસંદ પડી જાય. જે આપણાથી વધુ કુશળ હોય એની સરાહના કરી શકાય, પરંતુ પૂજા ન થાય. નવું શીખવું જરૂરી છે, પરંતુ ગુરુની પણ કસોટી કરવાનું સ્વામી વિવેકાનંદે આપણને શીખવ્યું ગુલામીમાંથી બહાર આવી સ્વતંત્ર (પોતાનું તંત્ર) અને લોકશાહી (Democracy) પદ્ધતિની રાજ્ય વ્યવસ્થા-લોકોનું, લોકો વડે અને લોકો માટે ચાલતું રાજ્યની પણ વાત થવી જરૂરી છે. જો પ્રજા’ જાગૃત હોય અને સક્ષમ નેતાઓને પ્રતિનિધિ બનાવે એ સૌથી સારી વાત છે. ટોચ પર બેઠેલા નેતાઓની પણ ફરજ છે કે એમને મત આપનારાઓને છેતરે નહીં. પ્રજા ભોળી હોય, પણ મૂર્ખ ન હોય એ સંદેશ તાજેતરની ઘટનાઓએ વિશ્વને આપેલ છે. મને મળેલ સ્વતંત્રતાના સદ્‌ઉપયોગને બદલે સ્વચ્છંદ બનીશ તો મારા રિપોર્ટ કાર્ડમાં, ઘટનાઓ હશે - મોરબીના પુલ તૂટવાથી અનેકનાં મૃત્યુ, સુરતના કોચિંગ ક્લાસની આગમાં વિદ્યાર્થીઓ ભડથું, રાજકોટના ગેમ ઝોનમાં લાગેલી આગમાં જીવતાં બળી ગયેલા જીવો... આપણા જીવનમાં ડોકિયું કરીને જોઈ લઈએ કે ક્યાંક આપણે પણ આવી ઘટનાઓ માટે આડકતરી રીતે જવાબદાર - અમુક અંશે પણ - તો નથી તે?

કોઈ પણ લક્ષ્યને સાધવા અને ત્યાર પછી એને ટકાવી રાખવા એક માળખા (Structure)ની જરૂર પડે છે જેના પોતાના નિયમો અને શિસ્ત હોય છે. સ્વતંત્રતાની જાળવણી માટે વિદ્વાનોએ આપણને

બંધારણનું માળખું આપ્યું અને એનું અનુકરણ કરવું જરૂરી છે. બંધારણના સોગંદ લીધા પછી પણ જે લોકો ધિક્કારે છે ત્યારે ભારતની લોકશાહીએ એમને જવાબ આપ્યો છે - હાલમાં બનેલ ઘટનાઓ જોઈ લો, સમજાઈ જશે. ભારતનું બંધારણ આપણને ઘણી સ્વતંત્રતા આપે છે જેનો દુરુપયોગ પણ ઘણા લોકો કરતા રહ્યા છે, આનાથી આપણને આર્થિક અને સામાજિક નુકસાન થતું રહ્યું છે. દરેક નવી પેઢી આ વાતનો બોજો લઈને જીવી જાય છે એ આશા સાથે કે આવનારી પેઢી સુધારા કરશે. જેટલું મોડું થશે એટલું નુકસાન આપણને થશે. મુન્નાભાઈ MBBSના ગાંધીજી મરકમરક હસીને બધું જોઈ રહ્યા છે. એમને ભારતના લોકોમાં વિશ્વાસ છે. ભારતનો દરેક નાગરિક જ્યારે વિશ્વગુરુ બનવાની તૈયારીમાં હશે ત્યારે જ સમગ્ર વિશ્વ ભારતને માનની નજરે જોશે. જે દેશોમાં રાજાશાહી હતી - દા.ત. યુનાઈટેડ કિંગડમ (UK) - એવા દેશોની પ્રજાને પણ આ વાત સમજાઈ ગઈ છે અને ત્યાં રાજા-રાણી પ્રતીકરૂપે રહી ગયાં છે. લોકો માટેના નિર્ણયો લેવાની સત્તા લોકો દ્વારા નિમાયેલ પ્રતિનિધિઓ લે છે. લોકશાહીની સુંદરતા છે કે એ દરેકને તક આપે, પણ તંત્ર મનસ્વી રીતે ચાલે તો પાઠ ભણાવી દે.

અંતમાં, આપણી પાસે જેને વિશ્વના અનેક દેશો પૂજનીય ગણે છે અને જેમણે આઈન્સટાઈન જેવા વૈજ્ઞાનિકના માનસ પર ઊંડી છાપ છોડી એવા ગાંધીજીની કક્ષાના વિચારકોનો વારસો છે. આવી વિચારશરણીનું મૂલ્યાંકન કરવા આપણે પહેલા એના જેવા બનવું પડે. જો આમ નહીં કરીએ તો મળેલ અમુલ્ય વારસાને ખોઈ નાખશું. આપણા જ પગ પર કુલ્હાડી મારી એ એવા શું આપણે મૂર્ખ છીએ?

- નવાવાસ, બોરીવલી
મો.: ૯૮૨૦૬ ૫૭૮૩૫

**પ્રિય વાચકો,**

આપના પ્રતિભાવ, પ્રતિસાદ, પગદંડીને પત્ર માટે ત્રણ માધ્યમ :

૧ **પત્રવ્યવહાર**
પગદંડી, શ્રી ક.વી.ઓ. સેવા સમાજ
શ્રી ક.વી.ઓ. દેરાવાસી નવી મહાજન વાડી,
ત્રીજે માળે, ૯૯/૧૦૧, કેશવજી નાયક રોડ,
ચિંચબંદર, મુંબઈ - ૪૦૦ ૦૦૯.

૨ **ઈમેલ** - pagdandi@kvoss.org

૩ **વૉટ્સઍપ/સંદેશ**
(માત્ર પ્રતિભાવ, પ્રતિસાદ, પગદંડીને પત્ર)
સંજય ચંદન વિસનજી - ૯૮૯૨૮૧૫૩૬૭

- તંત્રી

# ઉંમર તો એક આંકડો છે



✻ રાજેશ સાવલા ✻

બાળકમાંથી યુવાન અને યુવાનથી ઘરડા થવું એ કુદરતી છે. આ પ્રક્રિયા સાથે ઉંમર પણ વધતી જાય છે, પણ ઉંમર તો એક આંકડો છે, નંબર છે. મોટી ઉંમરે પણ યુવાન જેવા રહી શકાય છે.

- હાવર્ડ યુનિવર્સિટીએ એક પ્રયોગ કર્યો. એલન લેન્ગરના માર્ગદર્શનમાં એક સામાજિક પ્રયોગ કરવામાં આવ્યો. આ પ્રયોગની બધી વાતો ‘‘Counter Clockwise’’ નામની બુકમાં એલન લેન્ગરે લખી છે.

- આ પ્રયોગમાં થોડા ૭૦ (સિત્તેર) અને એથી વધારે ઉંમરવાળા માણસોને એક રિસોર્ટમાં અઠવાડિયા માટે રાખવામાં આવે છે. રાખતાં પહેલાં તેમની શારીરિક, માનસિક ટેસ્ટ કરી. એ રિઝલ્ટ રેકૉર્ડ કરવામાં આવે છે. રિસોર્ટમાં કોઈ અરીસા નથી. આ માણસો જ્યારે ૩૦-૪૦ના હતા તે વખતની ચીજો, બ્લૅક અને વાઈટ ટીવી, ફિલ્મો, મૅગેઝિન, રેડિયો વગેરે રાખવામાં આવે છે. ૩૦-૪૦ વરસ પહેલાંના ફિલ્મ સ્ટાર અને નેતાના ફોટો રિસોર્ટમાં મૂકવામાં આવે છે. તેઓને એવી (Instruction) સૂચના આપવામાં આવે છે કે બધાએ ૩૦ વરસ પહેલાંની ઘટનાની ચર્ચા કરવાની, ૩૦ વરસ પહેલાં હતા એવી રીતે વર્તન કરવું. એટલે કે એલને ૩૦ વરસ પહેલાંની પરિસ્થિતિનું હૂબહૂ વાતાવરણ રિસોર્ટમાં ઊભું કર્યું હતું. આ ગ્રુપમાં કેટલાક એટલા નબળા હતા કે તેમને લાકડી વગર ચલાતું ન હતું તેમને લાકડી પણ આપવામાં ન આવી.

- અઠવાડિયા પછી જ્યારે તેમની ફરીથી શારીરિક અને માનસિક ટેસ્ટ કરવામાં આવી ત્યારે બન્નો પરિણામમાં ઘણો તફાવત જોવા મળ્યો. અઠવાડિયા પછી તેમની જોવાની, સાંભળવાની શક્તિમાં સુધારો જોવા મળ્યો. તેમની સ્મરણ-શક્તિમાં સુધારો જોવા મળ્યો. શારીરિક રીતે તેઓ વધારે મજબૂત જોવા મળ્યા અને તેમના ચહેરા પર વધારે યુવાની જોવા મળી. આ બધી ટેસ્ટના રિઝલ્ટ બુકમાં રેકૉર્ડ કરવામાં આવ્યા.

- આ પ્રયોગથી શું સાબિત થયું...

આપણું શરીર-મન સંલગ્ન છે. જો આપણે મનથી યુવાન રહીશું તો આપણા શરીરના બધા ભાગો, જેમ કે

મન અને આ આપણું અર્ધજાગૃત મન (Subconscious mind) પણ આપણને સાથ આપશે અને આપણે યુવાન (Feel) અનુભવ કરશું.

- ઘરડા થવું એ કુદરતી પ્રક્રિયા છે, પણ એને આપણે મનમાં ન લાવીએ તો જરૂર આપણે ઉંમર કરતા યુવાન રહી શકશું. તો એ માટે શું કરવું જોઈએ.

  ૧) તમારી સ્કૂલ, કૉલેજના મિત્રોને મળો અને તે દિવસોમાં રહ્યા તેમ રહેવાની કોશિશ કરો, વર્તન કરો, વાતો કરો.

  ૨) તમે હજી યુવાન છો એવું વર્તન કરો Act & Behave like you are young. આથી તમારી ઘરડા થવાની પ્રક્રિયા નબળી થશે અને લંબાશે.


  ૩) પ્રેમ કરો. પ્રકૃતિને, પરિવારને, મિત્રોને પ્રેમ કરો. બધાની ખુશીમાં સહભાગી થાઓ.

- આપણા બધા પાસે શક્તિ છે, કાર્યશક્તિ છે, પણ આપણને આપણી (Perception) ધારણાઓ, માન્યતાઓ નબળી કરે છે, કે હું હવે ઘરડો થયો. જો ઘરડાના વિચાર કરશો તો વહેલા ઘરડા બનશો. જો યુવાનીના વિચાર કરશો તો ઘરડા થવાની પ્રક્રિયા લંબાશે. તમે લાંબો વખત ખુશ, આનંદમય અને મસ્ત રહી શકશો.

- (વાંકી) મો. : ૯૭૬૯૦૦૮૮૧૯

---

# ‘મોટાઓની નાની વાતો’



**✻ જયંત ગણશી જાગાણી ✻**

(૧) એક પ્રસિદ્ધ મરાઠી લેખક મહાશયની વાત છે. તેઓ એક બંગલામાં રહેતા હતા. તેઓએ એક બિલાડી પાળી હતી. એમને બિલાડી માટે એક લાકડાનું ઘર બનાવવાનો વિચાર આવ્યો. એમણે સુતારને બોલાવી પોતાની વિચાર જણાવ્યો, અને ખાસ કહ્યું કે એમાં બે બાકોરાં બનાવજે એક મોટો બિલાડીને આવવા માટે, એક નાનો બચ્ચાઓને આવવા-જવા માટે. સુતારે એ પ્રમાણે સુંદર મજાનું એક ઘર બનાવ્યું. થોડા દિવસમાં બિલાડી ટેવાઈ ગઈ અને એ ઘરમાં રહેવા લગી. એક દિવસ લેખક મહાશય બિલાડીના ઘરની

સામે ઊભા રહ્યા અને બિલાડીની હિલચાલ જોવા લાગ્યા. થોડી વાર થઈ, બિલાડી બચ્ચા સમેત ત્યાં આવી અને બધાં મોટાં બાકોરાંમાંથી અંદર ગયા. થોડી વારમાં બધા એમાંથી જ બહાર આવ્યા. લેખક જોતા જ રહી ગયા. એમના ધ્યાનમાં આવ્યું કે બે બાકારાં બનાવવાની જરૂર ન હતી.

(૨) આ વાત પણ એક લેખક મહાશયની જ છે. તેઓ રહેતા ત્યાં લાઈટ ક્યારેક જ જતી એટલે મીણબત્તી પેટાવવાની પ્રૅક્ટિસ ન હતી. છતાંય સાવચેતીરૂપે એમણે મીણબત્તી લાવી રાખી હતી અને અચાનક એક દિવસ લાઈટ બંધ પડી ગઈ. એમણે મહામહેનતે માચીસ અને મીણબત્તી શોધી કાઢ્યાં. મીણબત્તીને સ્ટેંડ પર ગોઠવી માચીસની સળી સળગાવી એમણે મીણબત્તી સળગાવવાનો પ્રયત્ન કર્યો પણ મીણબત્તી સળગી નહીં. ત્યાં દિવાસળી બુજાઈ ગઈ. તેઓએ બીજી દિવાસળી ચેતવી પણ મીણબત્તી કાંઈ સળગી નહિં. એમ કરતાં ઘણી દિવાસળી બુજાઈ ગઈ. ત્યાં જ એમનો પૌત્ર આવ્યો અને દાદા શું કરે છે એ જોવા લાગ્યો. એણે કહ્યું, લાઓ દાદા, હું પ્રયત્ન કરી જોઉં. થાકેલા દાદાએ માચીસ એને આપી. પૌત્રે દિવાસળી સળગાવી અને મીણબત્તી સ્ટૅંડમાંથી કાઢી થોડી વાંકી કરી દિવાસળીની જ્યોત પર ગોઠવી અને મીણબત્તી સળગી ઉઠી. લેખકને ધ્યાનમાં આવ્યું ઘણી વખત નમવું પણ પડે છે.

(૩) અમેરિકાની વાત છે. એક કારનું નવું મૉડેલ તૈયાર કરવામાં આવ્યું. બીજા દિવસે પત્રકારો સમક્ષ એનું પ્રદર્શન રાખવાનું નક્કી થયું. એ માટે ગાડીને બહાર (વર્કશૉપની) કાઢવી જરૂરી હતું. ડ્રાઈવર ગાડીને બહાર કાઢવા ગયો ત્યાં એના ધ્યાનમાં આવ્યું વર્કશૉપનો ગેટ ગાડીની ઊંચાઈ કરતાં નાનો હતો. બધા મૂંઝવણમાં પડ્યા, ગેટને મોટો કરવો પણ શક્ય ન હતું. બધા મૂંઝાઈ ગયા. ત્યાંનો ચોકીદાર બધું જોઈ રહ્યો હતો. એને એક ઉપાય સૂજ્યો. સંકોચ સાથે મુખ્ય એન્જિનિયરને પોતાનો ઉપાય બતાવ્યો. એના કહ્યા પ્રમાણે ચારે ચાકોમાંથી હવા કાઢી નાખવામાં આવી અને ગાડી ગૅટમાંથી બહાર નીકળી શકી. સૌએ ચોકીદારને શાબીશી આપી. ઘણી વખત નાના માણસો પણ મોટા ઉપાય બતાવી શકે છે.

સોલાપુર (માપર)

# આજનો યુવા અને સેવા સમાજ

✻ ગીતા સતરા ✻



પગદંડીનો વાચકવર્ગ સેવા સમાજ દ્વારા ચાલતી ૨૭ જેટલી વિવિધ પ્રવૃત્તિઓ વિશે માહિતગાર તો છે જ, પણ ખરેખર આ ચાલી આવતી પ્રવૃત્તિમાં વધારો કરતા રહેવાનું કાર્ય પણ સેવા સમાજ દ્વારા થતું રહે છે. એનું ઉત્તમ ઉદાહરણ એટલે આજના નવા ઊભરતા યુવાઓને એક મંચ પર લાવવા. સમાજનાં ઘણાં ગામોએ આ દિશામાં પહેલ કરી છે, પણ યુવાઓમાં લોકપ્રિય થવાની સફળતા સેવા સમાજને જાય છે.

હમણાં જ વેલબાઈ સભાગૃહમાં ક.વી.ઓ. સેવા સમાજના ઉપ પ્રમુખ બિમલભાઈ વોરાના નેજા હેઠળ આ કાર્યક્રમ યોજાવામાં આવ્યો, જેમાં એમણે જણાવ્યું કે તેઓ પોતે બુકબૅંકમાં એક કાર્યકર્તા તરીકે જોડાયા અને આજે અહીં પહોંચ્યા, સાથે કહ્યું અમે જે કંઈ સેવા સમાજ પાસેથી પામ્યા એ જ આજે આ સ્તરે પહોંચી એને પાછું અર્પણ કરી રહ્યા છીએ અને આ જ અપેક્ષા તેઓ આપણા યુવા વર્ગ પાસે રાખે છે. આજના યુવાઓને ભેગા થઈ સેવા સમાજની પ્રવૃત્તિમાં જોડાવા આહ્‌વાન કર્યું.

ક.વી.ઓ. સેવા સમાજની વિવિધ સંસ્થાઓ જેવી કે ક.વી.ઓ. દેરાવાસી જૈન મહાજન, ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન, હીરજી ભોજરાજ જેમને જ્યારે પણ એમની સંસ્થાઓ માટે વોલીંટીયરની સેવાની જરૂર પડે ત્યારે ક.વી.ઓ. સેવા સમાજ ખડે પગે એમને સહકાર આપવા ઊભો છે.

બિમલસરની વાણીકૌશલ્ય અને આજના યુવાઓને ભેગા કરી શકવાની ક્ષમતાને સલામ.

ગયા વર્ષે સામેલ થયેલાં હેતવી, દિવ્યલ, સાક્ષી અમને બીજા ઘણા યંગસ્ટરોએ પોતાની સેવા સમાજ સાથેની સફર વિશે રસપ્રદ વાતો જણાવી અને એક સુંદર માહોલ ઊભો કર્યો.

કહેવાનું તાત્પર્ય એ જ છે કે સમાજમાં ઘણા કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ થઈ રહી છે, પણ આજના યુવાનોને હાથ પકડી રસ્તો નહીં બતાડવામાં આવે તો એ કદી પણ આપણા સમાજ સાથે કે એના વિશાળ પ્રવૃત્તિમય વટવૃક્ષ વિશે જાણી નહીં શકે. એમને એકજૂટ કરી રાખવું અને સાથે ચલાવવાનું બિમલસરનું સ્વપ્ન ખરેખર કાબિલે તારીફ છે.

Proud to be Responsible Volunteerનું સુંદર ગીફ્ટ હેમ્પર લઈ અને ભવિષ્યમાં સેવા સમાજની એક હાકલે એકજૂથ થવાની બાંયધરી સાથે ભાવતા ભોજન આરોગી છૂટા થયા, ફરી ભેગા થવા માટે.

તો વાચક વર્ગ આપના પરિવારના યુવા વર્ગને સેવા સમાજમાં જોડાવા પ્રોત્સાહિત કરશો.

# સાહિત્ય-અમૃત



✲ આલેખન : ચંદ્રકાન્ત નંદુ ✲

સાહિત્યની ઉત્તમ કૃતિઓના અંશો, કૃતિના આલેખનમાં પ્રવાહિતા જળવાઈ રહે એ હેતુથી ટિપ્પણીઓ સાથે અત્રે આપવામાં આવેલ છે.
રેખાંકિત આકૃતિઓમાંનું લેખન 'આલેખક' દ્વારા કરાયેલ વિવરણ અને ટિપ્પણીઓ છે.
રેખાંકિત આકૃતિઓ બહારનું લેખન મૂળ કૃતિની પ્રતિકૃતિ છે.

| | | |
|---|---|---|
| પુસ્તક | : | **રેવન્યૂ સ્ટૅમ્પ.<br>(અમૃતા પ્રીતમની આત્મકથા)<br>મૂળ હિન્દીમાં 'रसीदी टिकट'** |
| લેખિકા | : | **અમૃતા પ્રીતમ** |
| અનુવાદ | : | **જયા મહેતા** |
| પ્રકાશક | : | **અશોક પ્રકાશન, અમદાવાદ** |
| પ્રકાશન વર્ષ | : | **૧૯૮૦- પુનઃમુદ્રણ - ૧૯૮૩** |

*માનવીના અચેતન મનની વાતો જ અદ્‌ભુત છે. આ અચેતન મનની ભીતરમાં કંઈકેટલુંય સંગ્રહિત થઈને પડ્યું હોય છે. ક્યારેક એમાંનું કશુંક અચાનક પ્રસ્ફૂટિત થઈને બહાર આવે છે અને કોઈ એવો આકાર કે સ્વરૂપ ધારણ કરે છે જેની ક્યારેય કલ્પના પણ કરી ન હોય અને એક સર્જક, પછી એ ચિત્રકાર હોય કે લેખક કે અન્ય કલાકાર, એના સર્જનમાં એ અવતરે છે. આવું સર્જન જ્યારે એના ભાવક સમક્ષ આવે છે ત્યારે ભાવકના ચિત્તતંત્રમાં કોઈ અનન્ય અનુભૂતિ કરાવે છે.*

*આપણે જોયું કે અમૃતાના મનની ભીતરમાં સંગોપાયેલું અતીતથી આજ, કલમની રાહે અના સર્જનમાં પ્રકટે છે.*

*અમૃતાએ એક વાર્તા 'પિઘલતી ચટ્ટાન' ૧૯૭૪ની શરૂઆતમાં લખેલી. વાર્તા નેપાળના સ્વયંભૂ પર્વતના શિખર પર આવેલા એક મંદિરની પૃષ્ઠભૂમિમાં આકાર લે*

*છે. વાર્તાની નાયિકા રાજશ્રી રાત્રિના ચતુર્થ પ્રહરમાં મંદિરમાં પહોંચે છે. ત્યાંથી પર્વતની બીજી તરફના ઢાળ પર ઊતરે છે જ્યાં બગીસા નદી વહે છે. આ એ જ નદી છે જેમાં એની એક પૂર્વજ કુમારીએ લગભગ સો વર્ષ પૂર્વે જીવનમુક્તિનો માર્ગ પ્રાપ્ત કર્યો હતો. રાજશ્રીનું મન મૂંઝવણમાં છે. એ એની પૂર્વજ કુમારીએ અપનાવેલા માર્ગે જઈ રહી છે અને એના પગ પાછા વળે છે. પગને માટે શું આ એક જ માર્ગ બચ્યો છે. અને....*

રાજશ્રીના મનમાં એક યુગ પલટાય છે. તે પોતાને ઓળખી જાય છે. જાણી જાય છે કે કોઈ એક સમયનું સત્ય દરેક સમયનું સત્ય નથી હોતું અને એ મૃત્યુના ઢાળ તરફથી પગ પાછા વાળીને જીવનના ચઢાણનો રસ્તો પકડી લે છે.

*'પિઘલતી ચટ્ટાન' લખાઈ તેને લગભગ બે વર્ષ વીતી ગયાં છે. એક રાત્રે અમૃતા અર્ધનિદ્રાવસ્થામાં હતી. સમયનું ચક્ર ઊલટું ફરે છે. પાંત્રીસ વર્ષ પહેલાંનો સમય. વીસ વર્ષની અમૃતા ગુજરાંવાલા ગઈ છે. ગુંજરાંવાલાનું એ જ ઘર, એ જ ગલી, ફોઈ 'હાકો' ભોંયરામાં જાય છે અને માળા ફેરવતાં ફેરવતાં મૃત્યુને શરણ થાય છે.*

*ઘરની એ ગલીમાં ફોઈ હાકોના સમયની એક જ સ્ત્રી જીવી ભક્તાણી હતી. એ અમૃતા સામે જોઈ જ રહી અને આશ્ચર્યના ભાવો એના ચહેરા પર તગતગી રહ્યા હતા. આશ્ચર્યલિપ્ત ભાવો સાથે એ કહે છે: 'હાય! હું તો મરી ગઈ! બિલકુલ એ જ હાકો.... એવી ને એવી....'*

*અમૃતાનો ચહેરો ફોઈ 'હાકો' સાથે મળતો આવતો હતો. અમૃતાના મનમાં કંઈ કેટલાય તર્ક-વિતર્કનાં વમળો ચકરાય છે. ભવિષ્યનો કોઈ સંકેત મનને ઘેરી વળે છે. અમૃતા:...*

પ્રકૃતિનું આ કંઈક રહસ્ય છે, કદાચ ભવિષ્યનો સંકેત. હું એ વખતે મનની બહુ અસ્વસ્થ અવસ્થામાં હતી. લગ્ન થઈ ગયાં હતાં, પણ મન ઉખડેલું ઉખડેલું હતું. મારા ચહેરામાં હાકોનો ચહેરો જોયો તો આંખો ભરાઈ આવી, - હાકોનો અંત જ મારો અંત છે.

એ જ દિવસો હતા જ્યારે મેં મરવાનું નહીં, જીવવાનું ઈચ્છ્યું. બેચેનીથી વિચાર્યું, 'પગને માટે એક આ જ રસ્તો કેમ બન્યો છે!' અને પછી વ્યાકુળતાથી ફેંસલો કર્યો: 'હું હાકોની જેમ મરીશ નહીં... જીવીશ.'

અમૃતા મનમાં જ વિચારે છે કે જીવી ભક્તાણીએ કહ્યું એમ હું આગલા જન્મમાં હાકો જ હોઉં તો પણ હું એની જેમ જીવનનો અંત નહીં આણું.

૧૯૭૪માં 'પિઘલતી ચટ્ટાન' વાર્તા લખતી વખતે અમૃતાને ચેતનાના સ્તરે કશું જ યાદ નહોતું, પરતું અચેતન મનમાં સુષુપ્ત કશુંક આવીને 'પિઘલતી ચટ્ટાન'માં વણાઈ ગયું અને કલમ અને કાગળને સહારે પ્રકટ થઈ ફરી મનની ભીતર ઊતરી લુપ્ત થઈ ગયું.

સમયની તર્જની ધરીને જીવન એનો પંથ કાપે છે. જન્મથી શરૂ થયેલી આ મુસાફરીનો અંત જીવનની સમાપ્તિ સાથે જ થાય છે. આ પ્રવાસમાં કેટલાય પડાવો આવે છે. ઘણીબધી ઘટનાઓ આંતરમનની વાટે આવીને ગોઠવાઈ જાય છે. કેટલાંય ચિત્રો દૃષ્ટિની રાહે છબી થઈ અંકિત થઈ જાય છે. એક લેખક-સર્જકના આંતરમનમાં સંગોપિત ઘટનાઓ અને દૃશ્યો એની રચનાના અંશ થઈ કલમને સહારે એનો કિનારો મેળવી લે છે. કેટલીક ઘટનાઓને કિનારાનો આ પડાવ મળે છે વર્ષોની સમાધિ પશ્ચાત્.

અમૃતાની એક વાર્તા છે 'દો ઓરતેં'. આ વાર્તાને કલમની રાહે કાગળ પર આવતાં પચીસ વર્ષનાં વહાણાં વીતી ગયાં. આ વાર્તાની ઘટના અમૃતાની પ્રત્યક્ષ લાહોરમાં બનેલી. 'દો ઓરતેં'ની નાયિકા છે 'શાહની' અને એની પ્રતિનાયિકા (ખલનાયિકા તો ન કહી શકાય) છે એક વેશ્યા. લાહોરના એક ધનવાન કુટુંબના દીકરાનાં લગ્ન હતાં. એ કુટુંબ સાથે અમૃતાને સારો પરિચય હતો. ગીત-સંગીતનો માહોલ રચાયો છે. લાહોરની પ્રસિદ્ધ ગાયિકા તમંચા જાન ત્યાં આવવાની હતી. એ આવી. ખૂબ સુંદર, નખરાં કરીને આવી. એને આવેલી જોઈને ઘરની શેઠાણી-દીકરાની માનો ચહેરો ફિક્કો પડી ગયો, પણ દીકરાની માએ સમયને સાચવી લીધો. હતી તો 'દીકરાની મા'ને તમંચા જાને ગાઈ લીધું અને શાહનીએ સો રૂપિયાની એક નોટ કાઢીને તમંચાના ખોળામાં નાખી. નખરાળી તમંચાની પ્રતિષ્ઠાને શાહનીની ચેષ્ઠાથી ઝાંખપ પડી રહી હતી અને ભરી મહેફિલમાં એ બોલી : 'રહેવા દો શાહની! પછી પણ આ ઘરનું જ ખાઉં છું.' આમ આડકતરી રીતે એણે શાહ સાથેના સંબંધ તરફ નિર્દેશ કરી શાહનીને ઉતારી પાડી. સ્ત્રીઓની એ ભરી મહેફિલમાં શાહની ખસિયાણી પડી ગઈ, પણ પોતાને સંભાળી લેતાં શાહની નોટ તમંચાને પાછી આપતાં બોલી:

‘સાંભળ, શાહ પાસેથી તો તું હંમેશાં જ લેશે, પણ મારી પાસેથી તને ક્યારે મળશે ?’

આ બે સ્ત્રીઓની અકળ અથડામણ હતી જેની પૃષ્ઠભૂમિમાં સામાજિક મૂલ્યો હતાં. તમંચા ગમે તેટલી જુવાન હતી, સુંદર હતી, કલાકાર હતી અને શાહની જાડી ને ઢળતી ઉંમરની હતી અને દરેક રીતે એ બીજીની સામે સાધારણ હતી, પણ એની પાસે પત્ની અને મા હોવાનું જે માન હતું, તે બજારની સુંદરતા કરતાં ભારે હતું.

*લાહોરની સામાજિક સ્થિતિનું આછેરું ચિત્ર અહીં ઉપસ્થિત થતું જણાય છે. લાહોર એ સમયે કલાકારો – ગાયકો અને લેખકોની ભૂમિ હતી,*

*પણ સામાજિક મૂલ્યોનું શું ?*

*હવે પછી : જિંદગીનાં પૃષ્ઠો*

**સંપર્ક : ૯૩૨૩૫ ૪૧૩૫૧**

**કચ્છ – બાડા**

Since 2000
100% Pure Vegetarian

श्री गणेश श्री
मिठाई फरसाण बेकरी

**Our Products**

*Bakery & Confectionery • Cakes & Patisserie*
*Indian Sweets • Hot Farsan*
*Dry Farsan • Low Calorie Food (Diet Food)*

**100% PURE JAIN PRODUCTS**

3, Minesh Park, Chandavarkar Road, Borivali (W), Mumbai - 400 092
72 77 88 33 55 / 800 9955 443

# પ્રતિભાવ - પ્રતિસાદ

**આ વિભાગમાં છપાયેલ પત્રો સાથે તંત્રીઓ સહમત છે એમ માનવું નહીં - તંત્રીઓ**

## 'પગદંડી' જૂન,૨૦૨૪

❁ તંત્રી શ્રી અશ્વિનભાઈએ બહુ મહત્ત્વનો પણ નાજુક વિષય રજૂ કર્યો છે. 'હા' કહેવી કે 'ના' કહેવી. ખરેખર ઘણા પ્રસંગે આપણે મૂંઝાઈ જઈએ છીએ કે 'હા' કહેવી કે 'ના' કહેવી. આના માટે દૃઢતા કેળવવી પડે. સામેવાળાને ખરાબ લાગશે તોપણ 'ના' કહેવા જેવું હોય તો દૃઢતાપૂર્વક 'ના' પાડવાનું સાહસ કરવું જોઈએ.

❁ 'પગમેં ભમરી'માં શ્રી લીલાધરભાઈએ ત્રિમંદિર : જ્ઞાન, આરોગ્ય અને જળ-મંદિરનો મુદ્દો રજૂ કર્યો છે. 'જળમંદિર' આપણા માટે નવો વિષય છે. કચ્છ જેવા પ્રદેશ જ્યાં વરસાદની અનિયમિતતા હોય છે, ત્યાં આ 'જળમંદિર' બનાવવાનો નવો વિચાર બહુ ઉપયોગી અને મહત્વનો છે. કચ્છના રહેવાસીઓએ આની મહત્તા સમજી કાર્યકર્તાઓના સાથ-સહકાર સાથે આ કાર્ય ઉપાડી લેવું જોઈએ. મોટો ફાયદો એ થવાનો કે ગામવાળાઓએ ગામ છોડી બહાર જવું નહીં પડે.

❁ શ્રી વંસત શાહે પરતંત્રતા અને સ્વતંત્રતા લેખમાં આઝાદી પહેલાંની અને આઝાદી પછીના સરકારી વહીવટની વાત કરી છે. દરેક વાતને બે પહેલુ હોય છે - ફાયદા અને ગેરફાયદા. અંગ્રેજોના રાજમાં સરકારી તંત્ર આટલું ભ્રષ્ટ ન હતું એટલે પ્રજાનાં કામ સહેલાઈથી થતા. જ્યારે હવે સરકારી તંત્ર ભ્રષ્ટચારનો અડ્ડો બની ગયું છે, જ્યાં પૈસા વગર કોઈ કામ થતું નથી. તો બીજી બાજુ આઝાદી પછી દેશમાં વિકાસ પણ ઘણો થયો છે.

- ડૉ પ્રવીણ વિસરિયા સ્મારક વ્યાખ્યાન માળામાં શ્રી લીલાધરભાઈએ મહત્વનો મુદ્દો રજૂ કર્યો ''વૃધ્ધિ ને બદલે સમૃદ્ધિ થાય તો જ સાચો વિકાસ થાય.'' સાચા વિકાસના ફળ સમાજના તમામ વર્ગને મળવા જોઈએ.

**લિ. જયંત ગણશી જાગાણી**
માપર (સોલાપુર)

## 'પગદંડી' અંક જૂન, ૨૦૨૪
## મને શું ગમ્યું

૧) અશ્વિન માલદે (ભુજપુર)નો તંત્રી લેખ- 'લક્ષ્મણરેખા' સમો લેખ - હા અથવા ના. 'તમારી જિંદગી તમારી રીતે જીવો, જરૂરી હોય ત્યાં ના પાડતા શીખો.'

'અશ્વિનભાઈ, મિત્રતા - સંબધોમાં ઓટ ન આવે એના માટે 'ના' કેવી રીતે કહેવી એના બે-ચાર ઉદાહરણો આપ્યાં હોત તો વધુ મજા આવત.'

૨) મંજુલાબેન રાંભિયાની 'ગઝલ'ની બધી પંક્તિઓ બોધદાયક છે

કામ એનું જોજે - કદી થવાનું નથી?
જે મૂકી દે છે, એને સદા બાદ પર?
સોળ આના સાચી વાત.

૩) પ્રવીણ ગોગરી (પ્રેમ)ની કવિતા કમાલની છે. પ્રભુ માટે જામીન માંગતા-પ્રભુ ફરિયાદમાં કવિ કહે છે -

મેં બનાવેલ આ માનવી આજે મને બનાવે છે. પંખીઓના છે ખુલ્લા માળા- મારા માળાને રોજ લાગે તાળા.

વાહ પ્રેમ, તારી અજબ છે કલ્પનાશક્તિ.

૪) ભાઈ મણિલાલ રુઘાણીની અમૂલ્ય કવિતા ''મા''-
બારમાસી ફૂલ જેવી 'મા' છે અભણ શિક્ષક, પણ પૂરા પરિવારને સંસ્કાર સીંચે છે. ૧૦૦ ટકા સાચી વાત સ્વર્ગનું સુખ અનુભવવા – માથું ઢાળી દે 'મા'ની ગોદમાં.


વાહ રૂઘાણીભાઈ - સરસ કાવ્ય રચના છે.

૫) કવિ ''તેજ''જી ટકોર-

પ્રાર્થનાસભા મેં અચીંધલ, મરધલ કે ભૂલે વનેતા, મરધલ જી સધરી મેં, બો હથ જોડીને વેતા, ને પોએ ભાન ભૂલેને, હકડે - બેજી મજાક-મશ્કરી કઈએ તાં.

''પાંજી પગદંડી '' ખાસી લહાણી કરેતી. મણી જો આભાર-

- **જયંતિ વાલજી ગોગરી**
ભુજપુર - ઘાટકોપર (ઈસ્ટ)
મો.: ૯૯૬૭૨૮૬૨૦૮



# પ્રગતિશીલ ક.વી.ઓ. સમાજને અર્પણ
# એક વિચાર
# ચક્ષુદાન, અવયવદાન...

ઘણા સમયથી આપણા સમાજે રક્તદાન ઉપરાંત ચક્ષુદાન, અવયવદાન, ત્વચાદાન અને દેહદાનની પ્રવૃત્તિને અપનાવી છે અને ખબરપત્રિકાના માધ્યમથી આ પ્રવૃત્તિના સ્વીકારની માહિતી આપણને મળતી રહી છે.

આ પ્રવૃત્તિ અંગે સમાજના મોટા ભાગના સભ્યો બહુ ઓછા જાગૃત છે અથવા આ પ્રવૃત્તિનો સ્વીકાર તેમણે કર્યો નથી એવું મરણનોંધ વાંચતા જણાઈ રહ્યું છે, તે નીચે આપેલ વિગત પરથી ખ્યાલ આવશે.

| વિગત | માર્ચ ૨૦૨૪ | એપ્રિલ ૨૦૨૪ |
|---|---|---|
| મરણ સંખ્યા | ૧૨૪ | ૧૦૮ |
| પ્રાર્થના રાખેલ નથી | ૭૭ | ૬૭ |
| પ્રાર્થના રાખેલ છે | ૪૭ | ૪૧ |
| ચક્ષુદાન કરેલ છે | ૧૦ | ૫ |
| દેહદાન / ત્વચાદાન | ૬ | ૫ |
| ૬૦ વર્ષથી નીચેની વયના વ્યક્તિ | ૧૭ | ૧૩ |

મરણ પછી દેહને બાળવાનો રિવાજ છે, એટલે શરીરનાં જે ઉપયોગી અંગો બીજી જીવંત વ્યક્તિને કામ આવી શકે છે એ અંગ બાળી શા માટે નાખવું એ ઉમદા વિચારથી આ પ્રવૃત્તિ શરૂ થઈ છે, એટલે એનું મહત્ત્વ આપણે સમજીએ એ જરૂરી છે.

આ અવયવ મેળવનાર વ્યક્તિ એનો ઉપયોગ કેવી રીતે કરશે તો એનું ફળ દાન આપનારને મળશે એવી ગેરસમજણના કારણે કોઈ અટકે નહિ, કારણકે આ ભય કર્મફળના સિધ્ધાંતની વિરુદ્ધ છે, માટે આ મૂલ્યનું કામ કરતા અટકીએ નહિ અને આવકારીએ એ અભ્યર્થના.

**CA કલ્યાણજી જે. શાહ,**

બિદડા

## પગદંડીને પત્ર, લેખ અને લેખના પ્રતિભાવ લખનારાઓને નમ્ર વિનંતી.

- આપ આપના અપ્રગટ લેખ, પ્રતિભાવ, પત્ર વગેરે. pagdandi@kvoss.org પર ઈમેઇલ કરી શકો છો.
- જો ઈમેઇલ શક્ય ન હોય તો પંગદંડીના ચિંચબંદર કાર્યાલય પર પોસ્ટ કે કુરિયર કરી શકો છો.
- આપના અપ્રગટ લેખ, કવિતા, પત્ર વગેરે, સારા અક્ષરોમાં, પાનાની ચારે બાજુ યોગ્ય માર્જિન છોડીને પાનાની એક બાજુ જ લખવા વિનંતી.
- પહેલા પાના પર આપનું નામ, ગામ, મોબાઈલ નંબર અને ઈમેઇલ આઇડી (મોબાઈલ અને ઈમેઇલ જો આપ છપાવવા માંગતા હો તો જ) લખવા વિનંતી. આપ જો આપનો ફોટો છાપવા માંગતા હો તો નાનકડો પાસપોર્ટ સાઈઝ ફોટો (ફોટો પાછળ નામ સાથે) મોકલવા વિનંતી.
- આપની કૃતિ મૌલિક હોવી જોઈએ અને અન્ય ક્યાંય પબ્લિશ/પ્રસિદ્ધ ના થઈ હોય એ જરૂરી.
- પહેલા પાના પર કુલ કેટલાં પાનાં છે એ લખવા વિનંતી, જેથી કોઈ પાનું મોકલવાનું રહી જાય તો અમે તરત જ આપનું ધ્યાન દોરી શકીએ.
- PDF કૉપી મોકલો તો સાથે વર્ડની સોફ્ટ કૉપી મોકલવા વિનંતી.
- વ્યાકરણ તેમ જ ભાષાનું ઔચિત્ય જળવાઈ રહે એવી કૃતિઓનો જ સ્વીકાર થશે.
- અનિવાર્ય સંજોગોમાં લેખના ફોટો મોકલી શકો, પણ એ ફોટા ક્લિયર અને સારી રીતે ક્રોપ કરેલા હોવા જોઈએ.
- આપનો પત્ર મળશે એટલે એ મળ્યાની પહોંચ આપને આપવા યથાયોગ્ય પ્રયત્ન કરવામાં આવશે, પણ એ છપાય અને તરત જ છપાય, એવો આગ્રહ ના સેવશો.
- આપના લેખ, વગેરે મહિનાની પંદર તારીખ સુધી મળશે તો જ આગામી મહિનાના પગદંડીમાં લેવામાં આવશે. એ પછી મળતા લેખ, એના પછીના મહિનામાં લેવા યત્ન કરાશે.
- એકસાથે એકથી વધારે પત્ર ના મોકલશો, જેથી અમે વધુ ને વધુ વાચક અને ભાવકને આવરી શકીએ.

# ઊર્મિલહર



સંપાદક : **વિશન નાગડા**

મિઠા,

માડૂ ગમેં તિતરો કરે પ કુધરત કરે સે કુધરત જ કરે! હિડાં પાં પાંજી શબદ-જાતરામેં ''વતન'' કે પૂરો કયો ને હુડાં વરસારો (ચોમાસું) રસી આયો, ચૉમાસો ઈતરે મીં, મીં ઈતરે પાણી પાણી ઈતરે? ખેડૂ જો સૉણૂં! ખેડૂ વાટ જ ન્યારે પ્યો કડેં મીં પે, કડેં અભજો પાણી જિમીનમેં ઉતરે?

ભલા અંઈ ચોંધા વરસાત/મીં જો પાણી જમીનમેં ઉતરે તેંકે કચ્છીમેં કુરો ચૉવાજે?

૧) વતર-(સ્ત્રી) ધરતીમાં રહેલી વરસાદની ભીનાશ - (f) The wetness of the layers of land due to rainy water seeping in.

(વાક્ય) ''મીં વઠો આય પણ અઆ પોખૂં થીયેં ઈતરી વતર નાંય!''

વતર જી મથે જુકો વ્યાખ્યા ડિનલ આય સે શ્રી દુલેરાય કારાણી જે ''કચ્છી ગુજરાતી શબ્દકોશ''જી આય. કચ્છી કે બ્યો કોશ ડીંધલ કોશકાર અંઈ શ્રી પ્રતાપરાય ત્રિવેદી જેં જે કોશ જો નાલો આય, ''બ્રહદ કચ્છી -શબ્દોકોશ'' ઈનમેં...

વતર - ''ધરતીમાં પાણીનો સંચાર'' ઈ અરથ ડિનલ આય. ઈ ''વતર'' જો પર્યાય રસાંગ ડીયેંતા!

વતર જા બ પ્રકાર અંઈ...

૧) ખથામી વતર - માત્ર ખયો ભિજયો વે એડી - ''ઓછી'' વતર

૨) પાતારી વતર - વરસાદનાં પાણી ખૂબ ઊડેં સુધી પહોંચી ગયાં હોય એવી- ''ભરપૂર'' વતર

**પનપટી:** જમીનમાં ભીનાશ - 'વતર' હોય ત્યાં સુધી જે વાવીએ તે ઊગે, એકવાર વતર - સુકાઈ જાય પછી વાવીએ તો એ નકામું!

કચ્છી મેં ઈન મથે રૂઢિપ્રયોગ આય !

વતરમેં વારીજે - વાત કે ક્રિયાને લંબાવવી નહિ. શાનમાં સમજી, મર્યાદા જાળવી વાતનું સમાપન કરવું! લોકસાહિત્ય 'વતર' વિશે શું કહે છે?

''પોખા ઉથી પોખ વતર વિઞે તી વલારમેં થીંધી સોકાસોક, પોય હારી છંઢીને હથડા!''

(હે વાવણી કરનારા, સમય સરી જાય એ પહેલાં વાવણી કરી લે. એકવાર મોકો ગયો પછી તારા માટે અફસોસ સિવાય કશું નહિ રહે!)

ભલે તડેં, મનુષ્ય જીવનજી સાર્થકતા પ્રત્યે પાંકે જાગૃત કરીંધલ ઈન લોકવાણી કે ''ઑગારીજા ભલા'' !

**આંજો વિશન, મો.: ૯૮૨૦૪૫૬૮૯૯**

## પૂંભડા

ઈસેજે ડેલેમેં
મિની પુંભડા ખણી આવઈ
સે ઈસે ડિઠેને મિનીકે ચેં,
બાઈ?

તોકે બે કિત્ત ઠેકાણું ન મિલ્યો
જુકો
મુજેં ડેલેમેં પુંભડા ખણી આવઈયેં?
મિની ચેં: મિઠા,
તોજે ડેલે જેડો ઠેકાણું
બે કિત્તે મિલે?
વરોણમેં બ ફાંકા અઈં?
ઈસે ચેં અઇં!

વરી બ વાબારા અઇં?
ઈસે ચેં : સે પ અઇં!
પછીતમેં બ ગોખલા અઇં
તેમેં સિરીઆ નઇં?
ઇસે ચેં નઇં!

કમાડમેં હિકડો ફાંકુડો આય?
ઈસે ચેં આય!
ત પોય એડો ઠેકાણું કેર છડે મિઠા?
જિતે સત સત ધ્વાર ખુલા વેં!

❂ ❂ ❂

જોરાવર થીણું પણ જાડો ન થીણું,
મિણીસેં સઉં હલણું કેસેં આડો ન થીણું;
અવસ્થા વધે તીં આસ્થા વધે 'તેજ',
મનસેં પોતરો રોણું ડાડો ન થીણું.

કવિ 'તેજ'

સંસારમેં સાંતિ નાય સચ્ચી ગાલ,
ત પોય સાધુતામેં કિત્તો સુખ આય?
સુખ મિલે પ કીં 'તેજ' જે સુંધે,
સાધુએંકે ભગતેંજી ભુખ આય!

❂ ❂ ❂

જુકો પિંઢકે સમજેંતા ત્યાગી જિજા,
સે અજ રૂપીએંજે તંતમેં પેઆ અઇં!
હાણે લગેતો એડો જે 'તેજ' ઈ
પિંઢઇં પિંઢજે અંતમેં પેઆ અઇં!

❂ ❂ ❂

સાધનામેં સિધ્ધી કીં સેલ નાય;
કરઇ તડેં લજે જડેં ઓસરી મિલે.

❂ ❂ ❂

પિંઢ સચ્ચો ભાકી સોણું,
ઈરખાસેં ભલે ભરેઓ ભોણું;
વધુ તાં ઇનકે કુરો ચોણું?
'તેજ' પંડિતનું પરેઆ રોણું.

❂ ❂ ❂

ડુખીએંજા ડુખ ડિસી ડુખી થીજે,
સુખીએંજા સુખ ડિસી સુખી થીજે;
ઇતરી માણસાઈ જ જીયણમેં ન-વે 'તેજ',
ત-પોય હિન કાયાજી ઠીબકે ત્રવાટેતેં રખી ડીજે.

❂ ❂ ❂

મોભી ભનધલ મરમી ખપે,
ને માન પામેં એડો કરમી ખપે;
મહાત્મા ન ભને તાં હલે 'તેજ',
પણ આત્મા અંધર ધરમી ખપે.

કવિ 'તેજ'

## ‘ભાઈ? દરવાજો ખોલ’’

બંધ બારણે ખૂન ખરાબા, જોવા આવતો ઇશ્વર!
માણસ ઘરના અંધ દરવાજે, બેલ વગાડતો ઈશ્વર!
ભાઈ દરવાજો ખોલ!

બીલ્ડરો બિલ્ડિંગનું કરતા સેલ,
બેડરૂમ કિચન જાણે લાગે જેલ,

સોસાયટી માણસ જાત અનેક,
કોઈ સભ્ય સેક્રેટરી નથી નેક,

શહેર ફ્લેટોના બંધ દરવાજે,
ડોરબેલ રણકે અનેક અવાજે.

શંકાના આવે ખોટા વિચારો,
હજી બહાર દરવાજે ઊભો બિચારો,

પછી સાંકળના સંગાથે ફરી,
ખોલે દ્વાર લઈ નામ હરિ.

અજાણ્યાથી તો ડરતો શહેરી,
ઘરમાં ફરતો કફન પહેરી.

સજ્જન પણ એને દુર્જન દેખાય,
અંદર આવો કેમ કહેવાય?

દેવ પણ અહીં ગયા દાઝી,
હતી જીત પણ હાર્યા બાઝી.

અયોધ્યાની એ સંસ્કૃતિ,
વેરઝેરમાં થઈ વિકૃતિ.

ઈશ્વર પણ આજે શોર મચાવે!
કે માણસને હવે કોણ બચાવે?

**પ્રવીણ ગોગરી (પ્રેમ) - દહીંસર**
**ફોન : ૨૮૯૫ ૩૪૫૯**

## નમવું હતું

જંપ ન્હોતો જિંદગીને શ્વાસથી રમવું હતું.
મન થકી ભાવો દબાવીને હૃદય દમવું હતું.

આંખ સ્વપ્નો પેખતાં જાગે ભલે તો શું થયું?
ભાર પાંપણને અધૂરી ઊંઘનું ખમવું હતું.

ભીડ એકાંતે ઘણી વર્તાઈ કુંજેકુંજમાં.
ત્યાં ભ્રમર મનને બધી ડાળી પરે ભમવું હતું.

આમ દર્દોનું સહેવું ભીતરે ભારે થયું.
પળ મળે એવી હવે તો દાહને શમવું હતું.

છાંયડો આપે ભલે ઊભો અડગ સ્થાને રહી,
હીંચકો વડવાઈનો થૈ બાળ મન ગમવું હતું.

સોય ઊંચી રાખતાં માપે બધાને ત્રાજવું.
પણ બનીને છાબડો ત્યાં ‘દિવ્ય’ને નમવું હતું.

**- દિવ્યા દેઢિયા ‘દિવ્ય’**
મુંબઈ/વડાલા, મો.: ૯૩૨૦૦૦૬૨૯૩

## પ્રેમ થાય

બંધ નયનો ને ઝૂકી નજરથી કંઈ ન થાય,
નજર થી નજર મિલાવો તો પ્રેમ થાય.

સુષુપ્ત અવસ્થામાં રાખો એ ન ચાલે,
સૂતેલા સપનાનો જગાડો તો પ્રેમ થાય.

જિગર જો ન કરે તમન્ના તો વાત ન બને,
ઉભરે જો દિલમાં અરમાનો તો પ્રેમ થાય.

પીગળે જિગર ને રહેમ જો કોઈ થાય,
આહો જો કરે કોઈ અસર તો પ્રેમ થાય.

પાલવે નહીં પગવાળીને બેસી રહેવું,
કદમ જો માંડે મંઝિલ તો પ્રેમ થાય.

**- મણિલાલ ડી. રૂધાણી,** રાણાવાવ

## ''વેસલો કેંડો''

થ્યો તૈયાર માલ, વિજો વખાર, વેસલો કેંડો,
નિકાં ઉઠી વેંધી ભાજાર, વેસલો કેંડો.

છોરાછૈયા ભણીગણી થ્યા પગભર,
ટાણેં ખીલે બધી, વ્યાધીયૂં ટાર, વેસલો કેંડો.

જોડા ઘસાઈંધે પ આઁજા મિલેં સુપાતર,
ઊનઇ વી વડાઇ, કર ઓછો ભાર, વેસલો કેંડો.

કઢી ચિચાપિચા વિગાઈ ગિગેં ખાસા માકા,
થિઇ વિઞેં અધગઢા વીચાર, વેસલો કેંડો.

રોજ ઉઠી નાં રોગ, વધી વિઇયૂં ભીમારીયૂં,
થીયેંત્યૂં ઉમરૂં નિંઢીયૂં સરાર, વેસલો કેંડો.

કીં વધેં વંસવેલો, કીં સમાજ થીયેં આબાધ,
મિલધે નં પાતર, ધન વિઞે બાર, વેસલો કેંડો.

'કુસુમ' છડ આરપંપાર, ખણાધા ઈ ભાર,
પિરભૂ ભજેમેં સમોં તૂં ગાર, વેસલો કેંડો.

**કુસુમ કિશોર ગાલા... 'કુસુમ'**
ભોજાય, મુલુંડ.

❂ ❂ ❂

ગરીભ પિંઢજે પેટ લા પાંયણ તોડેતો,
સાઉકાર, સાઉકારી લા સાન વિઞાયતો,
ગરીભીજો ગઢ કડેં પણ કેંતે છણો નતો.
પણ સાઉકારીજો નાસૂર, ગય નડેતો.

હુસીયારેંજી હારમેં ઉભોસેં ત મુંજી પ્યોસેં,
બ અખર પ્રેમજા વા સે પણ ભુલી વ્યોસેં,

**''અગમ''**

## પ્રાર્થના

પ્રભુ ! તોંજો નાં, ડી-રાત સમરાં,
થકે નતી મૂંજી રસના,
મૂંજે મન-મિંધરમેં,
તોંજે ડરસણજી જંખના (૨)

અયો ચોડેં ભૂવનજા અંઈ સ્વામી,
હથ જોડી,કરીયાં નમન પ્રણામી
કણકણજા અંઈ જસનામી,
સ્વીકારીજા મૂંજી વંધના...
મૂંજે મન...

પ્રભુ ! અચો અંઈ ડયાજા સાગર,
ભરી ડીજા મૂંજી નિંઢડી ગાગર,
પલપલ કયોં ઉજાગર,
મૂજ અબૂધજી આય આરાધના...
મૂંજે મન...

**ભાનુબેન સાવલા 'ભદ્રા'**

❂ ❂ ❂

પ્રેમજે ડોરેમેં સિરધાજા મૂતી સજાયું,
હલોં ભનાયું મનડેકે મોંભતજી મારા,
વાડા છડેને વસાયું વલપજા મેધાન,
રખીને હીંયેમેં હિકડેજ ધરમજી ધારા,

❂ ❂ ❂

પાપ ઢકેને પુઞ મ કર પધરા,
ભાંખે વિજ હિન ભાજારમેં,
ઈ ઢકયા કેંનું પ ઢકજેંનતા.
ભલેં પિઈ વિઞે ઈ પાતારમેં.

**''અગમ''**



## મુંભઈ જો મીં

મુંભઈ જો મીં આય મુંભઈ જો મીં !
પાંનું તાં ઇનકે ન ચૉવાજૅ કીં !!

નાંય કિતે ધૂડ, નત્યું ચિકલ્યું કિત નાઈયેં
ઢેલું ન ઢમકેં ન મોર ગીત ગાઇયેં,
પુછેં વિઠો તાંય, 'કૉ કયો નતા ખીં?!!'

હથેં મિંજા ચેં તો ક 'છણી પેં તી છતરી,'
ઇન ગ્યા તાં રીસ જા બાનાં અઇં બતરી,
સૂટ મથે બૂટ ખપેં ટોપાલો ટીં!

ચાગ-પુતર ચેં તા ઇ ચરેયો આય,
મેણું ડીં થ્યો અચા ધરેયો આય,
મીં નેં મૅમાંણ નિકાં કિતરા ડીં?!!
મુંભઈ જો મીં આય મુંભઈ જો મીં.

- ડૉ. વિશન નાગડા

ટીં - વટવારો

માણસ...
ન તો કંઈ રડીને શીખે છે.
ન તો કંઈ હસીને શીખે છે.
જ્યારે પણ તે કંઈક અલગ શીખે છે.
એ... કાં તો કોઈકનો થઈને શીખે છે.
કાં તો કોઈને ખોઈને શીખે છે.

# IN THE FIELDS

*In the fields where the Sun sets slow,*
*under a Sky with a golden glow,*
*Players ready, Game about to start,*
*Holding their Dreams close to heart.*

*The Pitcher throws, quick as a blink,*
*The ball files like thoughts, faster the you think,*
*The crowd like a lion, waiting to pource,*
*They shouted and cheered with every last Ounce.*
*In the fields, where the players fight hard,*
*One team attacks while the other one guards*

*The players gracefully glided to each base*
*They ran easily, if that was the case*
*The ball, a comet in the sky*
*Soaring through, oh so high*
*Starts twinkle above the game,*
*As long gone ancestors recalled its name.*

*Base ball's beauty is rusted with gold,*
*As the teams luck begins to unfold*
*In the fiels where victory calls*
*Memories will echo with usm fill time falls.*

***- Samira Avni Nanil Chheda***
*(13 years)*
Nani Khakhar (USA)

કેવા હતાં આપણે બધા પાસે - પાસે ?
જો તે નીકળી ગયા સહુ જીંદગીના પ્રવાસે...
માળો બનાવવામાં એવા મશગુલ થઈ ગયા.
ઉડવા માટે પાંખ છે એ જ ભૂલી ગયા...

# શ્રી ક.વી.ઓ. સેવા સમાજ
## અપડેટ

તા. ૧ એપ્રિલ, ૨૦૨૪ થી ૩૦ જૂન ૨૦૨૪ (માનદ મંત્રીઓ)

### ✤ બુકબૅંક :-

દર મહિનાના બીજા રવિવારે સેવા સમાજ કાર્યાલય પર પુસ્તકોની આપ-લે માટે બુકબૅંક કાર્યાલય ખુલ્લું રાખવામાં આવે છે. જૂન મહિનાથી દર રવિવારે સેવા સમાજ ઉપરાંત મુલુંડ, બોરીવલી, વસઈ ખાતે બુકબૅંકના સમયપત્રક મુજબ પુસ્તકોની આપ-લે માટે બુકબૅંક કાર્યાલય શરૂ કરવામાં આવેલ છે.

### ✤ શૈક્ષણિક કાર્યક્રમ :

અ) શ્રી ક.વી.ઓ. સેવા સમાજ અને ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન સંચાલિત માતુશ્રી મણિબાઈ શિવજી દેવજી કન્યા કેળવણી ફંડના સથવારે તા. ૬ અને ૭ એપ્રિલ, ૨૦૨૪ના રોજ ધોરણ ૯ થી ધોરણ ૧૨ના વિદ્યાર્થીઓ માટે કૅરિયર ગાઈડન્સ - સેમિનારનું આયોજન ચિંચપોકલી મહાજન વાડી ખાતે કરવામાં આવેલ, જેમાં કુલ ૩૩૯ વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ અને એમાંથી કેટલાંક વિદ્યાર્થીઓએ એપ્ટીટ્યૂડ ટેસ્ટમાં પણ રજિસ્ટ્રેશન કરાવેલ.

બ) વિદેશ જતા વિદ્યાર્થીઓ માટે માર્ગદર્શન સેમિનારનું આયોજન શનિવાર, તા. ૧ જૂન, ૨૦૨૪નાં રોજ નપુ હૉલ, માટુંગા (સે.રે.) મધ્યે કરવામાં આવેલ. આ સેમિનારમાં ૫૩ વિદ્યાર્થીઓ તેમ જ તેમના વાલીઓ મળીને કુલ ૧૧૦ વ્યક્તિઓએ ભાગ લીધેલ.

ક) ૨૨ જૂન, ૨૦૨૪ના રોજ મળેલ મિટિંગમાં ૧૨ વિદ્યાર્થીને રૂા. ૧૪,૩૫,૦૦૦/-ની લોન ભારતમાં રહીને ઉચ્ચ અભ્યાસાર્થે તેમ જ વિદેશ ઉચ્ચ અભ્યાસાર્થે ૧૨ વિદ્યાર્થીઓને રૂા. ૩૦,૫૦,૦૦૦/- લોન વિતરીત કરવામાં આવેલ.

### ✤ સ્ત્રીઉત્કર્ષ યોજના :-

આ યોજનામાં ઘરેથી ઉદ્યોગ કરતી અથવા ગૃહઉદ્યોગ વધારવા માટે મહિલાઓને વગર વ્યાજે લોન આપવામાં આવેલ. તા. ૧૩ એપ્રિલ અને ૩ જૂનના રોજ ગામ કોટડા રોહા, ડુમરા, મેરાઉ અને બિદડાની ૪ બહેનોને રૂા. ૫,૫૦,૦૦૦/-ની રકમ લોન વિતરીત કરવામાં આવેલ.

### ✤ વૈદ્યકીય રાહત યોજના :

આ યોજનામાં તા. ૩૦ એપ્રિલ અને તા ૨૮ મે ૨૦૪૨૪ના રોજ મળેલ મિટિંગમાં ગામ : કોટડી મહાદેવપુરી (૨), ગુંદાલા, કોટડા રોહા (૨), ભુજપુર, ડેપા (૨),

બિદડા, મોટા લાયજા, મોટી રાયણ, વડાલા (૨), છસરા, મોટા આસંબિયા, પુનડી, ભોરારા, મોટી ઉનડોઠ, દેવપુર (૨), કપાયા(૨), પ્રાગપુર, ચૂનડી, કોડાય, દેશલપુર, બાડા, બોરાઈ, ફરાદી, ભોજાય, માપર, ગોધરા, તલવાણા, કુંદરોડી, ડોણ, નાની તુંબડી, નારાણપુર, મંજલ રેલડિયા એમ કુલ ૩૯ જરૂરિયાતમંદ વ્યક્તિઓને મેડિક્લેમ ઉપરાંત વધારાના વૈદ્યકીય ખર્ચને વહોંચી વળવા કુલ રૂા. ૬,૪૮,૫૪૨/-ની રકમની સહાય આપવામાં આવેલ.

✤ **આઉટડોર કૅમ્પ :-**

૧૯૮૯થી સેવા સમાજ આયોજિત અરબિંદો આશ્રમના સહયોગથી યોજાતજા નૈનીતાલ કૅમ્પમાં આ વર્ષે કુલ ૨૦ શિબિરાર્થીઓએ તા. ૮ મે, ૨૦૨૪ના રોજ જયપુર સુપર ફાસ્ટમાં પ્રયાણ કરેલ અને ૧૯ મે, ૨૦૨૪ના રોજ ગરીબ રથમાં પાછા ફરેલ. ગ્રુપ લીડર તરીકે જીગ્ના નિલય સાવલા (મોટી રાયણ)એ પોતાની ફરજ સુંદર રીતે નિભાવેલ.

✤ **સાંસ્કૃતિક કાર્યક્રમ :-**

સેવા સમાજ સંસ્થાને ૭૫ વર્ષની ઉજવણીરૂપે યોજવામાં આવેલ 'આવજે' નાટકનો ૪૪મો અને અંતિમ પ્રયોગ શ્રી થાણા કચ્છી જૈન સેવા સમાજના સથવારે ગડકરી હૉલ થાણા ખાતે તા. ૧૪ મે, ૨૦૨૪ના રોજ યોજાયેલ.

✤ **CEO KVO :**

યંગ CEO બુટકૅમ્પમાં ૧૩ થી ૧૮ વર્ષના બાળકોને ૪ દિવસ માટે ટ્રેનિંગ કોર્સ કરાવવા માટે અરજીઓ મંગાવવામાં આવેલ. કુલ ૮૩ રજિસ્ટ્રેશન થયાં એમાંથી તા. ૨૪ મે ના રોજ ૩૪ વિદ્યાર્થીઓની એક મિટિંગ કરી એમાંથી ૧૫ વિદ્યાર્થીઓને આ કૅમ્પમાં મોકલવામાં આવેલ. આ કૅમ્પ ૨૮ થી ૩૧ મે દરમ્યાન પવઈ ખાતે યોજાયેલ. આ કૅમ્પના પ્રોસેસમાં મદદરૂપ થનાર શ્રી નિખિલ કિશોર ગાલા (ભુજપુર) અને શ્રી ઈશાન શેટ્ટીનો સેવા સમાજ આભાર માને છે.

✤ સેવા સમાજ સંસ્થાની કારોબારી મિટિંગ તા. ૫ એપ્રિલ અને તા. ૧૫ જૂન, ૨૦૨૪ના રોજ કાર્યાલય ખાતે મળેલ.

✤ શ્રી ક.વી.ઓ. દેરાવાસી જૈન મહાજન, શ્રી ક.વી.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન અને શ્રી ક.વી.ઓ. સેવા સમાજનાં સંયુક્ત સંસ્થા નિર્મિત શ્રી. ક.વી.ઓ. કેન્દ્રીય મધ્યસ્થસમિતિ દ્વારા તા. ૧૧ અને ૧૨ મે ૨૦૨૪ના રોજ શ્રી પુના ક.વી.ઓ. સમાજના સહયોગથી પુના મધ્યે યુવક/યુવતીઓના પરિચય મિલનનું આયોજન કરવામાં આવેલ અને તા. ૧૬ જૂન, ૨૦૨૪ના રોજ શ્રી ડોંબિવલી ક.વી.ઓ. સેવા સમાજના સહયોગથી ડોંબિવલી ખાતે પ્રી-મૅરેજ કાઉન્સેલિંગ વર્કશોપનું આયોજન કરવામાં આવેલ.

# અનુદાન - આભાર

**તા. ૧ એપ્રિલ, ૨૦૨૪ થી ૩૦ જૂન, ૨૦૨૪ સુધી આવેલ અનુદાનની યાદી**

| | |
|---|---|
| રૂા. ૧૦,૦૦,૦૦૦/- | શૈક્ષણિક લોન ફંડ યોજના |
| રૂા. ૮,૧૧,૧૧૧/- | વૈદ્યકિય સહાય ફંડ યોજના |
| રૂા. ૫,૦૦,૦૦૦/- | સ્રી ઉત્કર્ષ યોજના |
| રૂા. ૫,૦૦,૦૦૦/- | રહેઠાણ યોજના |
| **રૂા. ૨૮,૧૧,૧૧૧/-** | **કુલ અનુદાન - એક સદગૃહસ્થ તરફથી** |

| | |
|---|---|
| રૂા. ૧૦,૦૦,૦૦૦/- | એક શુભેચ્છક તરફથી - વિવિધ પ્રવૃત્તિઓ માટે |
| રૂા. ૧,૬૭,૦૦૦/- | એક વિદ્યાર્થિની તરફથી - શૈક્ષણિક લોન ફંડ |
| રૂા. ૧,૦૮,૦૦૦/- | એક શુભેચ્છક તરફથી - શૈક્ષણિક લોન ફંડ |
| રૂા. ૧,૦૦,૦૦૦/- | એક સદ્‌ગૃહસ્થ તરફથી - વૈદ્યકીય સહાય |
| રૂા. ૧,૦૦,૦૦૦/- | શેઠ આસુ ગોસર અને કમલાબાઈ ચેરીટેબલ ટ્રસ્ટ - શૈક્ષણિક લોન ફંડ યોજના |
| રૂા. ૫૧,૦૦૦/- | શ્રીમતી પ્રેમકુમારી દેવચંદ ગાલા (રાયણ) તા. ૨૦ એપ્રિલ માટે સ્વ. CA દેવચંદ રવજી ગાલાની ૩૮મી પુણ્યતિથિ નિમિત્તે - શૈક્ષણિક લોન ફંડ યોજના |
| રૂા. ૨૫,૦૦૦/- | ડૉ. પ્રફુલ્લ દામજી ગડા (રાયધણજર)ના પુણ્યાર્થે - વૈદ્યકીય સહાય યોજના |
| રૂા. ૨૫,૦૦૦/- | અ.સૌ. રેખા અને શ્રી વસંત શિવજી દામજી કેનિયા (બારોઈ-ઘાટકોપર) તા. ૨૬ જુન ના ૭૫માં જન્મ વર્ષ પ્રવેશ પ્રસંગે તથા લગ્ન જીવનની સુવર્ણ જયંતી (૫૦ વર્ષ) પ્રસંગે - પ્રિતલ જીગ્નેશ વસંત કેનિયા, કાજલ મિહીર વસંત કેનિયા, માહી અને ફલક - શૈક્ષણિક લોન ફંડની પ્રવૃત્તિ માટે |

| | | |
|---|---|---|
| રૂા. | ૨૫,૦૦૦/- | શ્રીમતી દમયંતી નેમીચંદ શાહ - વૈદ્યકીય સહાય યોજના |
| રૂા. | ૧૫,૦૦૦/- | શ્રી લીલાધર વીજપાર દેઢિયા (દેશલપુર- ચીંચપોકલી (ઈ)) - વૈદ્યકીય સહાય યોજના |
| રૂા. | ૧૩,૫૭૫/- | એક શુભેચ્છક તરફથી - વૈદ્યકીય સહાય યોજના |
| રૂા. | ૧૧,૦૦૦/- | તા. ૫ જૂનના માતુશ્રી દેવકાબેન કલ્યાણજી વીરજી શાહ (નાંગલપુર-ખેતવાડી)ના ૯૦મા જન્મદિવસ નિમિત્તે એમના તરફથી - વૈદ્યકીય સહાય યોજના |
| રૂા. | ૧૧,૦૦૦/- | વીર સાવરકર ગાર્ડન સખી મહિલા વૃંદ, બોરીવલી (વે)- વૈદ્યકીય સહાય યોજના |
| રૂા. | ૧૦,૦૦૦/- | એક સદ્ગૃહસ્થ (સાડાઉ - ઘાટકોપર) - વૈદ્યકીય સહાય યોજના |
| રૂા. | ૧૦,૦૦૦/- | એક સદ્ગૃહસ્થ (સાડાઉ - ઘાટકોપર) - શૈક્ષણિક લોન ફંડ યોજના |
| રૂા. | ૧૦,૦૦૦/- | ડૉ. અશોક ડી. લાલન (કોડાય - મુલુંડ) - વૈદ્યકીય સહાય યોજના |
| રૂા. | ૩,૦૦૦/- | નીતા શૈલેશ શાહ (લાખાપુર - મદુરાઈ) - વૈદ્યકીય સહાય અને બુકબૅંક માટે |

**દાતાશ્રીઓનો આભાર.**

**મળેલ અનુદાન નિમિત્તે શ્રી ક.વી.ઓ. સેવા સમાજ દાતાશ્રીઓનો આભાર માને છે. સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓમાં મળેલ અનુદાનમાં આયકર કલમ 80-G બાદ મળે છે.**

*જીંદગીમાં એટલું ભારે કશું જ નથી હોતું જે હળવું ન થઈ શકે.*
*આપણે બસ થોડુક જતું કરવનાું હોય છે !*

*હૃદયના દરવાજા ત્યાં જ ખૂલે છે.*
*જ્યાં લાગણીઓ સ્વાગતમાં ઊભી હોય છે.*

# સાંત્વન

## અવસાન નોંધ

**(તા. ૧ મે, ૨૦૨૪ થી તા. ૩૧ મે, ૨૦૨૪)**

**ચક્ષુદાન : 👁 દેહ /ત્વાચાદાન : ✪ અવયવદાન : ✷**

## પ્રાર્થના રાખેલ નથી

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| ફિઓના જય દિનેશ હરિયા | ૪ ૧/૨ મહિના | સાભરાઈ | ચેમ્બુર |
| મા. ઋક્ષ્મણિ તલકશી લખમશી શેઢિયા | ૮૫ | લાખાપુર | મુલુંડ |
| હેમંત લાલજી ડુંગરશી ગડા | ૬૦ | બાડા | કાંદિવલી |
| વેજબાઈ નાનજી દેવજી ગોસર | ૮૪ | વિઢ | લાલબાગ |
| શ્રીમતી શ્વેતા સંજય તલકશી શાહ/ગાલા | ૫૬ | કાંડાગરા | પુના |
| કસ્તૂરબેન હીરજી ગણપત ગાલા | ૭૮ | ગોધરા | કાંદિવલી |
| કેતન મગનલાલ મુરજી ગડા | ૪૦ | ભોજાય | વસઈ |
| પ્રવીણ પ્રેમજી ખીંયશી ગાલા | ૬૧ | કોટડા રોહા | અંબરનાથ |
| ધનવંતી લક્ષ્મીચંદ ગાંગજી ગાલા | ૮૦ | મેરાવા | માટુંગા |
| હીરબાઈ મોરારજી કુંવરજી નાગડા | ૭૮ | નરેડી (૩ ઉ) | નાલાસોપારા |
| હીરજી દામજી નાનજી શેઢિયા | ૯૪ | ભુજપુર | દહીંસર |
| જયંતીલાલ દના લાલજી ગડા | ૬ | રાયણ | બોરીવલી |
| ચિ. મિરિલ પ્રવીણ નાગજી સાવલા | ૨૫ | કોડાય | બોરીવલી |
| સુશીલા ખુશાલ મઠુભાઈ ગડા | ૬૬ | નવાવાસ ✪ | નાલાસોપારા |
| લક્ષ્મીબેન વિરચંદ કુંવરજી સતરા | ૭૮ | ગુંદાલા | બોરીવલી |
| રતનબેન માવજી સુરજી ગાલા | ૮૪ | વડાલા | વિદ્યાવિહાર |
| હીરાવંતી ખીમજી રવજી રાંભિયા | ૮૮ | નાના ભાડિયા | બોરીવલી |
| રેનિકા હરેન્દ્ર દેવજી દેઢિયા | ૪૭ | શેરડી | અંબરનાથ |
| જયવંતીબેન ચત્રભુજ ઉમરશી છેડા | ૬૭ | મોટા લાયજા | ડોંબિવલી |
| દેવકાંબેન હરિલાલ રતનશી દેઢિયા | ૮૩ | ભુજપુર | બોરીવલી |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| રાહુલ મગનલાલ કારૂ નાગડા | ૬૫ | ભોજાય | મલાડ |
| જવેરીલાલ માવજી તેજપાર ગાલા | ૬૮ | દેવપુર ઓરગેન્સ ડોનેટ | મુલુંડ ✷ |
| માવજી હરશી હભુ ગાલા | ૮૧ | છસરા | ચેમ્બુર |
| પોપટલાલ વેલજી શિવજી ફુરિયા | ૭૪ | ડેપા | ડેપા |
| સુધાકર (તલવાણાનાં વેજબાઈ હરશી મોણશી દેઢિયાના જમાઈ) | ૮૫ | — | ઘાટકોપર |
| હંસરાજ માણેક ગોસર દેઢિયા | ૭૫ | બિદડા | ભાઈંદર |
| ઉર્મિલા ઉમરશી ભારમલ સાવલા | ૮૭ | કોડાય | મુલુંડ |
| રાજ કીર્તિ મોહનલાલ ગાલા | ૧૯ | છસરા | નાલાસોપારા |
| વશનજી કુંવરજી લાધા ભેદા | ૭૫ | મોખા (૪૯ ઉ) | ડોંબિવલી |
| રમણીકલાલ નાથાલાલ ઉમરશી સાવલા | ૭૭ | નાના ભાડિયા | કાંદિવલી |
| રમાદેવી હરખચંદ દેવચંદ શાહ/નાગડા | ૮૨ | વિઢ | જબલપુર |
| ગીતેન છગનલાલ દેવજી વીરા | ૩૮ | મેરાઉ | મલાડ |
| ચંદનબાળા (મોટા લાયજાનાં માતુશ્રી મણિબેન ઝવેરીલાલ લાલજી છેડાનાં સુપુત્રી) | ૭૫ | — | નાશીક |
| દેવકાંબેન જીવરાજ મેઘજી ગાલા | ૮૦ | ભોજાય | ગુલબર્ગા |
| હેમલતા મણિલાલ મોણશી દેઢિયા | ૭૨ | કાંડાગરા | ચેમ્બુર |
| મગનલાલ ચુનીલાલ ભારમલ વોરા | ૮૫ | ડોણ | મુલુંડ |
| મા. ઈલાબેન અનિલ વેલજી નિસર | ૭૮ | વડાલા | મુલુંડ |
| બ્રીજેશ તલકશી મેઘજી કેનિયા | ૫૦ | ભુજપુર | દહીંસર |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| મંજુલા હીરજી દામજી સૈયા | ૭૧ | બેરાજા | વિરાર |
| જગશી જેઠાલાલ ચાંપશી રાંભિયા | ૭૬ | ગુંદાલા | દાદર |
| હેમકુંવરબેન રામજી આસુ ગંગર | ૮૦ | રતાડિયા ગણેશ | ઘાટકોપર |
| પ્રેમચંદ કુંવરજી પાસુ છેડા | ૬૮ | રતાડિયા ગણેશ | ડોંબિવલી |
| જયંતીલાલ ખીમજી ફુરિયા | ૭૫ | બેરાજા | ડોંબિવલી |
| લતાબેન નવીનચંદ્ર ગાંગજી મામણિયા | ૭૮ | મોટા કપાયા | સાંતાક્રુઝ |
| ટોકરશી કુંવરજી મામણિયા | ૮૨ | મેરાઉ | નાલાસોપારા |
| જયંતીલાલ ગાંગજી કરમશી ગડા | ૭૨ | મોટા લાયજા | ડોંબિવલી |
| ગોવિંદજી શામજી કચરા નાગડા | ૭૭ | મોથાળા | મુલુંડ |
| કમળાબેન રામજી મોરારજી છેડા | ૭૭ | કારાઘોઘા | મલાડ |
| દામજી ટોકરશી પાસુ નાગડા | ૮૦ | ચાંગડાઈ | ડોંબિવલી |
| ક્રિષ્ના (પુનડીનાં શ્રીમતી કેસરબેન લાલજી મેઘજી મામણિયાના જમાઈ) | ૫૪ | પુનડી | બોરીવલી |
| કાંતિલાલ માણેક સંગોઈ | ૬૨ | કપાયા | દાદર |
| કંચનબેન કાંતિલાલ ઓભાયા ગડા | ૬૪ | બાડા | મલાડ |
| તારાબેન હંસરાજ હેમા છેડા | ૭૨ | બિદડા | ઘાટકોપર |
| સરલાબેન મોહનલાલ નાગજી ગાલા | ૭૫ | ડુમરા | ડુમરા |
| ચંદ્રકાંત કાનજી નેણશી ગાલા | ૭૬ | કાંડાગરા | નાલાસોપારા |
| અ.સૌ. હેમલતા મુલચંદ ખીમજી છેડા | ૭૬ | માપર | કલ્યાણ |
| લક્ષ્મીચંદ ગણશી પાલણ નંદુ | ૮૦ | વાંઢ | કાંદિવલી |
| ચંચળબેન પ્રવીણચંદ્ર મેઘજી સાવલા | ૮૦ | રતાડિયા ગણેશ | ડોંબિવલી |
| મા. કસ્તૂરબેન ચુનીલાલ શિવજી છેડા | ૮૦ | કપાયા | લાખાપુર |
| લીલાવંતી ખીમજી ઉમરશી ગંગર | ૭૮ | ચુનડી | બોરીવલી |
| નિલ મહેન્દ્ર ડુંગરશી મારુ | ૪૫ | ગોધરા | અમેરિકા |
| નયના મુલચંદ શામજી લાલન | ૬૨ | ગોધરા | અંધેરી |
| શાંતાબેન દામજી વેલજી વીરા | ૭૮ | વડાલા | બોરીવલી |
| ગાંગજી ઉકેડા ભારમલ છેડા | ૮૦ | પ્રતાપુર | નાલાસોપારા |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| હીરજી દામજી જેઠુ સતરા | ૮૩ | ગુંદાલા | વડાલા |
| મા. લીલાવંતીબેન હીરજી પાસુ રાંભિયા | ૮૦ | વિંઝાણ | સાંતાક્રુઝ |
| મા. સુધાબેન ખીમજી નાનજી શેઠિયા | ૮૫ | કારાઘોઘા | માટુંગા |
| ગંગાબાઈ લખમશી માંડણ ગોગરી | ૮૯ | નાંગલપુર | ઘાટકોપર |
| કવિતા દિલીપ ભવાનજી શાહ/રાંભિયા | ૫૮ | ગુંદાલા | બોરીવલી |
| શાંતિલાલ રામજી જેઠા સંગોઈ | ૭૯ | કપાયા | ઘાટકોપર |
| ફાલ્ગુનદાસ (લાખાપુરના કસ્તૂરબેન ધનજી લાલજી શેઠિયાનાં જમાઈ) | ૮૦ | — | ચેમ્બુર |
| નાનજી વીરજી મોતા | ૮૨ | બિદડા | બોરીવલી |
| રોમિલ જાદવજી મેઘજી છેડા | ૪૪ | રતાડિયા ગણેશ | મુલુંડ |
| વિજયાબેન તલકશી દેવશી વોરા | ૭૦ | નવીનાર | ચિંચપોકલી |
| ઝવેરબેન રતનશી લાલજી વોરા | ૮૦ | બિદડા | ભાંડુપ |
| ચુનીલાલ માવજી રતનશી કેનિયા | ૮૪ | બારોઈ | થાણા |
| પ્રવીણ માવજી રાયશી દેઢિયા | ૬૭ | ભુજપુર | ભુજપુર |
| વિજય જાદવજી ગણપત ભારાણી | ૭૫ | દેશલપુર (કંઠી) | મલાડ |
| | | | |
| **પ્રાર્થના રાખેલ છે** | | | |
| માવજી કેશવજી હીરજી ગાલા | ૮૭ | કોડાય | મલાડ |
| કિશોર દામજી કાનજી ધરોડ | ૬૨ | પત્રી | કલવા |
| લખમશી પાસુ ઘેલા ગોસર | ૮૨ | વિઢ | જોગેશ્વરી |
| ખીંયશી નરશી લાલજી નાગડા | ૮૬ | સણોસરા | વસઈ |
| કસ્તૂરબેન દામજી ઉમરશી ગંગર | ૮૬ | મોટી ખાખર | ઘાટકોપર |
| જયંતીલાલ વશનજી રવજી ગડા | ૭૫ | બાડા | થાણા |
| મા. મણિબેન ચીમનલાલ તેજશી સૈયા/શાહ | ૮૪ | બેરાજા | અંધેરી |
| હરખચંદ દેવજી કેશવજી મામણિયા | ૮૨ | બેરાજા | કોરેગાંવ |
| ખીમજી ઉમરશી મારુ | ૮૬ | નાના ભાડિયા | મલાડ |
| ભરત હીરજી ગાંગજી ગડા | ૭૨ | લાયજા | દાદર |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| **પ્રાર્થના રાખેલ છે** | | | |
| જગશી દેવશી ગાંગજી વિસરિયા | ૮૭ | નંદાસર | થાણા |
| હંસરાજ કાનજી માલશી હરિયા | ૮૦ | લઠેડી | ઘાટકોપર |
| હરશી ભોજરાજ નરશી છેડા | ૮૬ | માપર | ભાંડુપ |
| અ.સૌ. સરલાબેન ઉમેશ શામજી કારાણી | ૫૫ | ડુમરા | ઘાટકોપર |
| દામજી કુંવરજી ડાયા ગડા | ૭૧ | સાભરાઈ | સાભરાઈ |
| અ.સૌ. પ્રવીણાબેન રતનશી ઠાકરશી ગડા | ૭૪ | મોટા લાયજા | મુલુંડ |
| ગાંગજી નાગશી ગણશી છેડા | ૮૩ | ગોધરા | પરેલ |
| કિશોર માવજી લધા મામણિયા/શાહ | ૮૪ | બેરાજા | દેવલાલી |
| હંસરાજ ખીમજી તોયરા શાહ/મામણિયા | ૯૦ | નવાવાસ | બોરીવલી |
| સુંદરજી ભીમશી માણેક વિસરિયા | ૭૨ | બાડા | મુલુંડ |
| કિશોર કરમશી લાલજી નાગડા | ૬૨ | કોટડા રોહા | સાયન |
| કલ્પના વસંત દેવજી સાવલા | ૬૫ | નાની તુંબડી | દહીંસર |
| દેવજી દામજી દેરાજ ગાલા | ૮૪ | કાંડાગરા | મુલુંડ |

| નામ | ઉંમર | ગામ | હાલે |
|---|---|---|---|
| **પ્રાર્થના રાખેલ છે** | | | |
| મા. કેસરબેન ખુશાલચંદ ભીમશી નાગડા | ૭૫ | કોટડી મહા. | થાણા |
| નેમચંદ દામજી તેજશી મારુ | ૮૦ | ડોણ | મુલુંડ |
| ઉષાબેન તલકશી નાનજી ગાલા | ૮૧ | ચીઆસર | હૈદરાબાદ |
| નીતિન દીનેશ નેણશી રાંભિયા | ૫૨ | રામાણિયા | કોપરખૈરણે |
| અશોક વીરજી પાંચારિયા સાવલા | ૬૧ | ફરાદી | ફરાદી |
| ચીમનલાલ વિશનજી શિવજી બૌઆ | ૭૫ | મોખા | ડોંબિવલી |
| મહેન્દ્ર પ્રેમજી ખીમજી ગાલા | ૭૬ | છસરા | ડોંબિવલી |
| મહેક નરેશ ભવાનજી ગાલા | ૩૮ | છસરા | ડોંબિવલી |
| ચંદનબેન ભવાનજી મુરજી સાવલા | ૭૫ | રાયણ | બ્રીચ કેન્ડી |
| અ.સૌ. મંજુલાબેન રાઘવજી પાસુ ગોગરી | ૭૯ | પત્રી | ઘાટકોપર |
| શામજી રતનશી વેલજી દેઢિયા | ૮૮ | ચુનડી | ઘાટકોપર |
| **કાળધર્મ પામેલ છે** | | | |
| બા.બ્ર.પૂ. સુલસાબાઈ મહાસતીજી | ૭૦ | | |

## ત્વચા દાન શા માટે એટલું મહત્ત્વનું છે ?

આપણી ત્વચા સૌથી મોટું માનવ અંગ છે. તે આપણને ગરમી અને ઠંડી, તેમજ રસાયણો, સૂર્યના યુવી કિરણોત્સર્ગ અને બેકટેરિયા જેવી પર્યાવરણીય અસરોથી બચાવવવા માટે ઢાલ તરીકે કામ કરે છે.

જ્યારે ત્વચા ખરાબ રીતે બળી જાય છે અથવા ક્ષતિગ્રસ્ત થઈ જાય છે, ત્યારે તે મદદ વિના પોતાને ઠીક કરવામાં અસમર્થ છે. ગંભીર દાઝી ગયેલી, ઈજાઓ ધરાવતા દર્દીઓ માટે, રૂઝ આવવાનો એક માર્ગ એલોગ્રાફટ્સથી ઘાને ઢાંકવાનો છે. દાતાની ત્વચા ચેપ અટકાવવા, પીડા ઘટાડવા અને રક્ષણ પૂરું પાડવા અને ઝડપી ઉપચાર અને જીવન બચાવવા માટે ત્વચાની જરૂર છે. જો બળી ગયેલા વિસ્તારને ત્વચાના કેટલાક અવેજીથી તરત જ આવરી લેવામાં ન આવે તો દર્દીઓને ચેપ, પ્રવાહીની ખોટ અને આખરે મૃત્યુની સંભાવના ધરાવે છે.

દાઝી જવાની ઓછી ટકાવારીના કિસ્સામાં, દર્દીના બળેલા ન હોય તેવા વિસ્તારની ચામડી બહાર કાઢવામાં આવે છે અને તેને દાઝી ગયેલા ઘાને ઢાંકવા માટે ઘા પર નાખવામાં આવે છે, પરંતુ જ્યારે બળવાની ટકાવારી ૪૦ થી ૫૦થી વધુ હોય, ત્યારે દર્દીની પોતાની ત્વચા બળી ગયેલા ઘાને ઢાંકવા માટે ઉપલબ્ધ હોતી નથી. તેથી ત્વચા અવેજી માટે જરૂર છે. આવી કટોકટીમાં જ્યારે ત્વચા ઉપલ્બધ ન હોય, ત્યારે ઘણીવાર દર્દીઓના સંબંધીઓ જીવંત દાતા તરીકે તેમની પોતાની ત્વચા ઓફર કરે છે.

ત્વચા દાન ક્ષતિગ્રસ્ત ત્વચા માટે શ્રેષ્ઠ વિકલ્પ છે. આમ, કૃત્રિમ ત્વચાના અવેજીની તુલનામાં મૃત્યુ પછી દાન કરાયેલ ત્વચા શ્રેષ્ઠ અને સસ્તી વિકલ્પ છે.

આવી ત્વચા અસ્થાયી ડ્રેસિંગ છે પરંતુ તે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે કારણકે તે દર્દીની પોતાની ત્વચાને પુનર્જિવિત કરવામાં મદદ કરે છે. જો આપણી પાસે સ્કીન બેંકોમાં પૂરતી ત્વચા હોય તો આવા ૮૦ ટકા દર્દીઓને બચાવી શકાય છે. તમારા દેહને બાળવા તે દફનાવવાને બદલે તમારા મૃત્યુ પછી તમારી ત્વચાનું દાન કરવું એ લાખો પીડિત લોકોની મોટી સેવા હશે.

network techlab
*Adding Values to Work*

# SOLAR POWER



## Let the sun pay your bills


### Our Services

- Detailed Engineering Design
- Installation
- Operation & Maintenance Services


### Benefits

- Minimum 25 Years of lifetime
- Low Maintenance
- Investment recovery within 2-3 years

### Our Green Energy Solution Portfolio Includes :



On-grid Solar System



Off-grid Solar System




Hybrid Solar System



Solar Street Lights




Solar Inverter & Battery



Solar Panels

info@netlabindia.com | +91 88790 04536

Head- Office: - 41, Sarvodaya Ind. Est., Off. Mahakali Caves Road, Andheri (E.), Mumbai, 400093
Main Branch: - Plot no. A-142, Rd Number 23, Wagle Industrial Estate, Thane (W.), Thane, 400604
Mumbai | Navi Mumbai | Ahmedabad | Vadodara | Vapi | Pune | Bangalore | Chennai | Goa | Delhi | Kolkata

WPP Licence No. :- MR/Tech/WPP-215/East/2023-25
PAGDANDI (Monthly) JULY 2024 RNI-14593/1957, Published on 1st of every month & Posted at
Patrika Channel Sorting Office Mumbai - 400 001 on 2nd & 3rd of every Month. Post Regd. No. MCE/251/2023-25

# શ્રી ક.વિ.ઓ. સેવા સમાજ

## સંસ્થાની વિવિધ પ્રવૃત્તિઓ



સંજીવની સ્વાસ્થ્ય યોજના



બુક બેંક




પગદંડી



સાંસ્કૃતિક કાર્યક્રમ






સમુહ લગ્ન



સ્ત્રી ઉત્કર્ષ લોન



શિક્ષણ લોન
કોમ્પ્યુટર લોન



ક્રિકેટ, વોલીબોલ
બાસ્કેટ બોલ, ફુટબોલ



રમતગમત



વ્યક્તિત્વ વિકાસ
વકતૃત્વ સ્પર્ધા
OUTDOOR CAMP
MEET



રહેઠાણ લોન



શૈક્ષણિક સન્માન
વિદેશ સેમીનાર
શ્રુત-ગુણ-ગૌરવ